2011-08-15 Patidar Bandhu (1392)

પાટીદાર બંધુ

સમાજનું સાચુ પ્રતિબિંબ

તંત્રી : બ્રિજેશ પટેલ

વર્ષ : ૨ અંક : ૪

સળંગ અંક : ૩૨

તારીખ : ૧૫ ઓગષ્ટ ૨૦૧૧

છૂટક કિંમત : રૂા. ૧૭/-






અંધશ્રદ્ધામાં અંધ બનેલ પાટીદાર પરીવારની દિકરીનું કથીત અપહરણ કરનાર

પાટણના ઠગ ભુવાનો પર્દાફાશ


realpatidar.com
પાટીદાર બંધુ
સમાજનું સાચુ પ્રતિબિંબ
તંત્રી : બ્રિજેશ પટેલ
વર્ષ : ૨
અંક : ૪
સળંગ અંક : ૩૨
તારીખ : ૧૫ ઓગષ્ટ ૨૦૧૧
છૂટક કિંમત : રૂા. ૧૭/-
નવ નિમાયેલ પ્રમુખ
શ્રી ગંગારામ સાંખલાનું સમાજ ને પ્રથમ સંબોધન
"કોર્ટ કચેરીથી ડરવાની જરૂર નથી, સામે વાળા ને કરવું હોય તે કરે આપણે પહોંચી વળીશું, સનાતન ધર્મ ની જય"
અંધશ્રધ્ધામાં અંધ બનેલ પાટીદાર પરીવારની દિકરીનું કથીત અપહરણ કરનાર
પાટણના ઠગ ભુવાનો પર્દાફાશ
realpatidar.com


realpatidar.com
An ISO 9001- 2000 Co.
ISO
SHREE
jalaram
PLYWOOD INDUSTRIES
Product range :
Plywood, Block Board,
Flush door & Moulde door
Manufacturers Of
MR & BWR Grade Plywood,
Block Board And Flush Door,
100% Gurjan Plywood
CHETAK
ASTAR
PLY, BOARD & DOOR
ALIEN
PLY, BOARD & DOOR
Unity
AJANTA
SUPER
JEPEE
GOLD
SHREE
jalaram
PLYWOOD INDUSTRIES
IS : 2202
(PART-1)
IS : 1659
CM/L:7624679
CM/L:7456482
ar Railway Overbridge, Mehsana- Ahmedabad Highway, Palavasana, Mehsana- 384003. (Gujarat) India. Ph. : 02762- 225340, 322679
(R) 256469 E-mail : jalaram_plywood@yahoo.co.in
Mob. : 098252 43679 (Devshibhai Patel) 099090 12561 (Vinodbhai Patel)
realpatidar.com


realpatidar.com
ISO
An ISO 9001-2000 Co.
IS : 2202 (PART-1)
IS : 1659
IS : 303
CM/L:7493993
CM/L:7497597
CM/L:7482887
Quality Products
Manufacturers Of
MR & BWR Grade Plywood, Block Board And
Flush Door, Membrane Doors,
100% Gurjan Plywood, Moulded Panel Doors.
TIGER
A-1
RebboN
Shingar
Kestrel
Martin
Shree
Umiya
PLYWOOD INDUSTRIES
Opp. Vimal Oil & Food Ltd., Nr. Railway Crossing, Palavasna Highway, Mehsana-384 002 (GUJ) INDIA
Ph. : 02762 - 225302 E-mail : umiyaply@yahoo.com
realpatidar.com
Veljibhai Patel - (M) 98241 43657 Ambalalbhai Patel (M) 98252 43669 Sunil Patel (M) 97262 12231

છૂટક કિંમત રૂા. ૧૭/-

પાટીદાર બંધુ

માસિક સમાચાર પત્ર

વર્ષ-૨ અંક-૦૪ પેજ-૪૦+૪+૪ ટાઈટલ તારીખ : ૧૫ ઓગસ્ટ ૨૦૧૧

:: તંત્રી ::
બ્રિજેશકુમાર સી. પટેલ

:: ઉપતંત્રી ::
વિરેન્દ્રભાઈ હળપાણી

:: સહતંત્રી ::
જીગ્ના પટેલ

:: મુદ્રક, પ્રકાશક અને માલિક ::
બ્રિજેશકુમાર સી. પટેલ

:: ચીફ બ્યુરો ::
સત્યેન લીંબાણી - પેટલાદ
મો. ૯૮૯૮૩૮૧૪૧૬

:: કાર્યાલય તથા પ્રકાશન સ્થળ ::
'પાટીદાર બંધુ'
C/o. શ્રી ગણપતિ સો મીલ
વેરાઈ ચકલા, પાટણ. (ગુજરાત) ૩૮૪૨૬૫

:: મુદ્રણ સ્થળ ::
વિનોદ પ્રિન્ટરી,
C/o. મહાગુજરાત સાપ્તાહિક
ત્રણ દરવાજા પાસે, પાટણ.
ફોન : ૨૩૦૧૧૧/૧૨

: સંપર્ક સેતુ :
બ્રિજેશ પટેલ : મો. ૯૮૯૮૦ ૮૬૮૩૦
વિરેન્દ્ર પટેલ : મો. ૯૮૯૮૫૭૫૭૬૭
ઓ. (૦૨૭૬૬) ૨૨૦૫૭૬
E-mail : patidarbandhu@gmail.com

હે પ્રભુ! મને શીખવ...

સંજોગો વિકટ હોય ત્યારે સુંદર રીતે કેમ જીવવું,
તે મને શીખવ....

બધી બાબતો અવળી પડતી હોય ત્યારે,
હાસ્ય અને આનંદ કેમ ટકાવી રાખવાં તે,
મને શીખવ...

પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે,
શાંતિ કેમ ટકાવી રાખવી,
તે મને શીખવ...

કઠોર ટીકાઓનો વરસાદ વરસે ત્યારે,
તેમાંથી મારા ખપનું કેમ ગ્રહણ કરી શકું,
તે મને શીખવ...

ચારે બાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે,
શ્રદ્ધા ડગુમગુ થઈ રહી હોય,
નિરાશાની પળોમાં મન ડૂબી જવા લાગે ત્યારે
ધૈર્ય અને શાંતિથી તારી કૃપાની સમીક્ષા કેમ કરવી,
તે મને શીખવ...

દર માસની ૧૫ મી તારીખે પ્રસિધ્ધ થાય છે.

દ્વિવાર્ષિક રૂા. ૩૦૦/-
ત્રિવાર્ષિક રૂા. ૪૫૦/-

પંચવર્ષિય - ૬૦૦
આજીવન - ૧૧૦૦

: માર્કેટીંગ એકઝીકયુટીવ :
મહેન્દ્ર ડી. ભાવાણી
૮૧૪૧૭ ૨૭૫૨૦

: પોસ્ટીંગ વિભાગ :
જીગર ભાવાણી
૭૬૦૦ ૩૩૧૨૭૭

તંત્રી સ્થાનેથી:...

સમય આવી ગયો છે સનાતનના સાયન્સને સમજવાનો...

આ અંકમાં ચેહરમાતાજીના નામે અંધશ્રધ્ધાળુઓને છેતરતા એક ભુવાનો કિસ્સો પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ કિસ્સામાં એવું જોવા મળે છે કે ભણેલા-ગણેલા લોકો આ ભુવાને સદ્‌ગુરુ બનાવી તેની ચરણચંપી કરે છે, લોકો ચરણ ધોઇને ચરણામૃત પીવે છે. અને આ ભુવો તેની પુજા કરનાર ભકતની નિર્દોષ દિકરીના જીવન સાથે છેડછાડ કરે છે.

ભુવામાં અને ધર્મગુરુમાં ઘણો ફરક છે. સાચા ધર્મગુરુ સદ્‌ગુરુ કે સંત ભગવાનનું અને આત્માનું જ્ઞાન આપે છે, સાધના શીખવાડે છે અને વિકારોથી ઉપર ઉઠાવે છે. હિન્દુ ધર્મમાં ભુવાને કોઇ સ્થાન નથી. ભુવા ભોપાળાના ચક્કરમાં એ લોકો ફસાય છે, જેઓને સનાતન ધર્મનું સાયન્સ ખબર નથી.

સનાતન ધર્મ એટલે વિશ્વની ઉત્પત્તિ સાથે અસ્તિત્વમાં આવેલ ધર્મ. સનાતન ધર્મ એટલે વિશ્વનો સૌથી પ્રાચીનમાં પ્રાચીન ધર્મ. સનાતન ધર્મ એટલે સંપૂર્ણ વૈજ્ઞા..ક સિધ્ધાંતો ઉપર આધારિત ધર્મ.

પહેલા આપણે વિજ્ઞાન વિશે સમજવું પડશે. સામાન્ય પરિભાષામાં અને આજના યુગ પ્રમાણેની પરિભાષામાં વિજ્ઞાન એટલે ભણેલા ગણેલા લોકો, એન્જિનિયરો, વૈજ્ઞાનિકો વગેરે. દુનિયાના બુધ્ધિમાન લોકો દ્વારા યંત્ર શકિતની મદદથી અને યંત્રશકિત દ્વારા પ્રમાણિત થ.. શકે તેવી શોધ અને આવિષ્કારોની દુનિયા એટલે વિજ્ઞાન. આજનું વિજ્ઞાન પુનઃ જન્મને સો ટકા માનતું નથી. આજનું વિજ્ઞાન પૃથ્વી સિવાયના લોક લોકાંતરને માનતું નથી. આજનું વિજ્ઞાન ઋષી મુનિઓએ શોધેલી એવી ઘણી બધી ઉપલબ્ધીઓ અને સનાતન સત્યને સ્વીકારતું નથી. આજનું વિજ્ઞાન યોગીઓના વિજ્ઞાનથી અજાણ છે. આજનું વિજ્ઞાન માત્ર ભૌતીક સાધનો પુરતું સીમીત છે. જ્યારે સનાતન ધર્મના ઋષી મુનિઓનું વિજ્ઞાન આજના સાયન્સ કરતા હજાર ઘણું ચઢીયાતું, હિતકારી અને સચોટ છે.

આવી તો ઘણી બધી એવી બાબતો છે કે આપણા શાસ્ત્રોમાં યુગોથી હતી. જેને વૈજ્ઞાનિકો હવે સિધ્ધ કરી રહ્યા છે. દા.ત. પુષ્પક વિમાન, મહાભારતમાં કૌરવોનો કુંભમાં જન્મ અને અત્યારે ટેસ્ટ ટ્યુબ બેબી (જેમાં ગર્ભને બહાર એક બોક્ષમાં કૃત્રિમ ગર્ભમાં ઉછેરવામાં આવે છે.) શું છે આ બધું? આપણી બુધ્ધિને ના સમજાય એટલે શાસ્ત્રોને અને સંતોને, યોગીઓને ખોટા પાડી દેવા નરી મૂર્ખામી છે.

મારે અહીં વાત કરવી છે સનાતન ધર્મના શાસ્ત્રોમાં વર્ણીત કુંડલીની શકિતની. આપણા શરીરમાં સાત યૌગીક ચક્રો આવેલા છે. આમાં સૌથી નીચે કરોડરજ્જુના છેલ્લા મણકા પાસે આવેલું હોય છે મુલાધામ ચક્ર. આ મુલાધાર ચક્રની જાગૃતિથી કુંડલીની યોગની યાત્રા શરૂ થાય છે. યોગીઓ આશન, પ્રાણાયામ, ધ્યાન વગેરે દ્વારા આ ચક્રને જાગૃત કરવાનો પ્રયત્ન કરે છે. પરંતુ ભગવાનમાં સદ્‌ગુરુમાં અનન્ય પ્રેમ ભકિત રાખનારનું આ ચક્રમ સહજમાં જાગૃત થઇ જાય છે, એવું સ્વામી વિવેકાનંદે તેમના રાજયોગ નામના પુસ્તકમાં લખ્યું છે. સંત જ્ઞાનેશ્વરે પણ ''જ્ઞાનેશ્વરી ગીતા''માં છઠ્ઠા અધ્યાયમાં આ મહામાયા કુંડલીની વિશે લખ્યું છે. સનાતન ધર્મના તમામ ઋષી મુનિઓ આધ્યાત્મિક માર્ગમાં કુંડલીની શકિતને સ્વીકારે છે અને માને છે. કારણ કે તે સત્ય છે. વિજ્ઞાનજાથા વાળા ભલે ન માને પરંતુ વર્તમાન સમયમાં કિરલીયન ફોટોગ્રાફી (ઓરા ફોટોગ્રાફી) દ્વારા પણ આ ચક્રોની સ્થિતિ જાણી શકાય છે. આ ફોટોગ્રાફી દ્વારા સાચા

સંત અને ઠગનો ભેદ જાણી શકાય છે. આને વિજ્ઞાન જાથા નકારી શકે નહીં.

આજે ઘણાને માતાજી અને પીતાજી (વીર, પીર વગેરે) આવતા હોય છે. વીર, પીર કે સુરધન બાબતમાં હું કાંઇ કહી શકીશ નહીં, પરંતુ માતાજીની બાબતમાં એક વાત મારે સ્પષ્ટ કરવી છે, જાણીતા બ્રહ્મલીન ધ્યાનયોગી શ્રી પૂજ્ય વિભાકર પંડ્યાજીની પાટણમાં યોજાયેલી છેલ્લી શિબિરમાં મને ભાગ લેવાનું સૌભાગ્ય સાંપડ્યું હતું. જેમાં વિભાકરજી એ સ્પષ્ટ જણાવ્યું હતું કે ''જે લોકોને માતાજી આવે છે તેમાં માતાજી જેવું કાંઇ હોતું નથી. એ કુંડલીના સાત યૌગીક ચક્રોમાં થતું કંપન હોય છે. પૂર્વ જન્મના ભક્તિભાવ કે પૂર્વજન્મમાં કરેલ સાધનાનું પરિણામ હોય છે. અને આ ભારત ભૂમિ છે. ભારત ભૂમિમાં પવિત્ર અને પૂણ્યાત્માઓને જ જન્મ મળે છે.'' બીજા એક પ્રસિધ્ધ સંતના સત્સંગમાં સાંભળ્યું હતું કે, માતાજી નામનું પરમ ચૈતન્ય આપણા જેવા સામાન્ય મનુષ્યોના શરીરમાં પ્રવેશી જ ના શકે. એ પરમ શક્તિના તેજો મય શરીરનું તેજ સહન કરવાની શક્તિ સામાન્ય મનુષ્યોના શરીરમાં નથી. આથી કોઇ કહેતું હોય કે અંબે માઁ આવ્યા કે બીજા કોઇ દેવી આવ્યા. તો કાં તો તે લોકોને પ્રભાવિત કરવા બોલે છે અથવા તો પછી ભાવાવેશમાં ભાવ સમાધી જેવી અવસ્થા થઇ જવાથી સહજમાં બોલે છે. પરંતુ એ પરમ શક્તિ સામાન્ય દેહમાં આવી જ ના શકે. વિશાળ સમુદ્ર એક ખોબામાં કેમ સમાઇ શકે? આ એક રહસ્યમય અને મહત્ત્વપૂર્ણ બાબત છે. આવી સાયન્ટીફીક બાબતોને સમજવા માટે સિધ્ધપુરુષોનો સંગ કરવાની જરૂર છે. પરંતુ આપણા બધાની માન્યતાઓ એવી છે કે આ દુનિયામાં ગોરખનાથ અને સંત જ્ઞાનેશ્વર જેવા સિધ્ધ ક્યાં છે? મીરાબાઇ અને નરસિંહ મહેતા જેવા પરમ ભક્તો કયાં છે? સાંઇ બાબા જ્યારે હયાત હતા ત્યારે પણ લોકો આવુ જ વિચારતા. પરંતુ આજે તેમના મંદિરો બનાવી 'યોગીરાજ અવધુત સાંઇનાથ ભગવાન કી જય' એમ બોલી આરતી કરે છે. આજે પણ જ્ઞાનેશ્વર જેવા સિધ્ધો અને ગોપીઓ જેવા પરમ ભક્તો મોજુદ છે, છે ને છે જ. આવા સંતો પાસેથી જ સાચા સનાતન ધર્મનું જ્ઞાન મળી શકે.

જ્યારે જ્યારે સમાજ સાચા સંતોથી, સત્સંગથી દૂર થયો છે ત્યારે ત્યારે તે સમાજનું પતન થયું છે. સનાતન ધર્મના જ્ઞાનના અભાવને કારણે જ આપણો સમાજ ભૂતકાળમાં પીરાણાના સૈયદોની ગુલામી કરી ચૂક્યો છે. કેસરા પરમેશ્વરાને જાગૃત કરનાર સાધુ-સંતો જ હતા. નારાયણ બાપાએ પણ હિન્દુ ધર્મનો સંપૂર્ણ અભ્યાસ કર્યા પછી સતપંથ સામે બંડ પોકાર્યો હતો. જ્યાં શુધ્ધ સત્સંગ છે ત્યાં ભુવા ભોપાળા ફાવતા નથી. ત્યાં પુછ પાંખડ ઓછું થઇ જાય છે. કારણ કે સાચી સમજ આવી જાય છે સત અને અસત ને પારખવાની. હજી પણ એવા સંપ્રદાયો અને સંસ્થાઓ છે જે સનાતન ધર્મ જેવી દેખાય છે પરંતુ તેમા સનાતન ધર્મના કોઇ સિધ્ધાંતોને માન્યતા નથી. હું વાત કરી રહ્યો છું બ્રહ્માકુમારીની.

સનાતની થઇ જવાથી કામ પુરું નથી થતું. સનાતન ધર્મના પાયાના મહત્ત્વપૂર્ણ સિધ્ધાંતો ને નહીં સમજીયે ત્યાં સુધી આપણે નામ પુરતા જ સનાતની કહેવાશું અને લક્ષ્મણ શ્રીમાળી જેવા પાખંડીઓના ચક્કરમાં ફસાતા રહીશું. આજે ધર્મને આધ્યાત્મિક વિજ્ઞાનથી સમજવાની જરૂર છે. અને સનાતન ધર્મ સંપૂર્ણ વૈજ્ઞાનિક સિધ્ધાંત પર આધારિત ધર્મ છે. સનાતન ધર્મના અગ્નિ સંસ્કાર પાછળ પણ વિજ્ઞાન છુપાયેલું છે. તે અંગે ફરી ક્યારેક ચર્ચા કરીશું. ત્યાં સુધી સૌને જય લક્ષ્મી નારાયણ...

લિ. તંત્રી

બ્રિજેશકુમાર સી. પટેલ

ABKKP Samaj Karobari Meeting - Trustee Resignation

ટ્રસ્ટીઓના રાજીનામાની માંગણીથી ગરમાગરમી સર્જાયા બાદ સંપૂર્ણ સનાતની માહોલમાં

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર કેન્દ્રીય સમાજની સામાન્ય સભા શાંતિપૂર્ણ સંપન્ન



ગત તા. ૧૪-૮-૨૦૧૧ના રોજ પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણા ખાતે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં હોદ્દેદારોની ત્રણ વર્ષની ટર્મ પૂરી થતી હોવાથી નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં કચ્છમાં મૂળ રસલીયાના અને હાલે નવી દિલ્હી રહેતા ગંગારામભાઈ હીરાલાલભાઈ સાંખલાની કેન્દ્રીય સમાજના પ્રમુખપદે વરણી કરવામાં આવી છે. પ્રમુખની વરણી પહેલા ભૂતપૂર્વ ટ્રસ્ટીઓના રાજીનામાં માંગવામાં આવતા માહોલ ગરમાયો હતો.

સવારે ૮-૦૦ વાગ્યાથી સભ્યોનું આગમન શરૂ થઈ ગયું હતું. ૯-૩૦ વાગે સભા શરૂ થઈ ત્યાં સુધીમાં પાટીદાર વિદ્યાર્થી ભવનનું સંકુલ જ્ઞાતિજનોથી ઉભરાઈ ગયું હતું. પટાંગણમાં બનાવવામાં આવેલો સમીયાણો ખૂબ જ નાનો પડતો હતો. ભૂતપૂર્વ પ્રમુખ રામજીભાઈ નાકરાણીની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં સૌ પ્રથમ કેન્દ્રીય પ્રમુખ રામજીબાપા, ટ્રસ્ટીઓ અને બીજા હોદ્દેદારો તથા યુવા સંઘના પ્રમુખ, મંત્રી અને મહિલા સંઘના પ્રમુખ-મંત્રીને મંચ ઉપર બેસાડવામાં આવ્યા હતા. આ પ્રસંગે માંડવીના ધારાસભ્ય ધનજીભાઈ સેંગાણી પણ હાજર હતા. મંચસ્થ મહાનુભાવો એ દિપ પ્રાગટ્ય કરી પ્રાર્થના કરી હતી. સમાજના ટ્રસ્ટીશ્રી લખમશીભાઈ વાસાણીનુ અવસાન થયું હોવાથી તેમને બે મિનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ

આપવામાં આવી હતી. સમાજના મંત્રીશ્રી માવજીભાઈ છાભૈયાએ ગત મીટીંગની મીનીટ્સ બુકનું વાંચન કર્યું હતું તેમજ સમગ્ર સભાનું સંચાલન કર્યું હતું. ત્યાર બાદ ખજાનચી શ્રી લાલજીભાઈ રામાણીએ હિસાબોના વાંચન કરવાની જગ્યાએ ઉપસ્થિત સૌને વાર્ષિક હિસાબોની પ્રિન્ટેડ કોપી વહેંચી હતી. સુવર્ણ જયંતિ મહોત્સવના ચેરમેન ગંગારામ સાંખલાએ સુવર્ણ જયંતિ મહોત્સવના હિસાબો રજૂ કર્યા હતા. અને ઈરાદાપૂર્વક એકપણ કુપન ના વહેંચનાર ઝોનને ફાળવેલ કુપનના ૨૫ ટકા જેટલી રકમ ચૂકવવા અનુરોધ કર્યો હતો.



રાજીનામાની માંગથી થોડા નિરાશ થયેલ ભૂતપૂર્વ ટ્રસ્ટીશ્રીઓ

નવા નિમાયેલ હોદ્દેદારો

પ્રમુખ : ગંગારામ સાંખલા (ન્યુ દિલ્હી), **ઉપપ્રમુખ** : દેવજી રામજી ભાવાણી (સુરત), મનસુખભાઈ રૂડાણી (અમદાવાદ), **મહામંત્રી** : માવજીભાઈ છાભૈયા (ભુજ), **મંત્રી** : વાલજીભાઈ, નરસિંહભાઈ (અમદાવાદ), માવજીભાઈ (નખત્રાણા), **ખજાનચી** : લાલજી રામાણી (નખત્રાણા), **સહખજાનચી** : ભગવાનભાઈ ધોળુ. **મહિલા સંઘ : પ્રમુખ** : ઝવેરબેન (દિલ્હી), **મહામંત્રી** : સોનલબેન સેઠીયા (નખત્રાણા), **ઉપપ્રમુખ** : ગંગાબેન (પેટલાદ.)

સ્વર્ણિમ મહોત્સવની સ્મૃતિ તરીકે એક સ્મૃતિગ્રંથ બનાવવામાં આવ્યો છે. આજરોજ સ્મૃતિ ગ્રંથના મુખ્યદાતાશ્રી ધનાણી પરિવારના હસ્તે તથા પ્રમુખ રામજીબાપા અને સ્મૃતિ ગ્રંથ બનાવનાર સમિતિના સભ્યોના હસ્તે આ ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું હતું. સમાજના વિવિધ શૈક્ષણિક સંકૂલોના કન્વીનરોએ પોતપોતાની સંસ્થાના હાલહવાલ જણાવ્યા હતા. આ પ્રસંગે રતીલાલભાઈ એ પોતાનું સૂચન કરતા જણાવ્યું હતું કે ઉમા એજ્યુકેશન ટ્રસ્ટ, સતરાવાલા વિદ્યાપીઠ-સુરત એ ગત વર્ષે પાંચ લાખનું નુકશાન કર્યું છે. ૩૧,૦૦,૦૦૦ રૂપિયા ખર્ચ થયો છે. જેમાં થોડો કાપ મૂકવાની જરૂર છે.

ન્યાય સમિતિના અગ્રણી કરસનભાઈ એ ન્યાય સમિતિનો અહેવાલ આપ્યો હતો. આટલે સુધી બધુ બરાબર ચાલતુ હતું. હવે સમય આવ્યો નવા પ્રમુખની વરણી કરવાનો. મંચ ઉપરથી મંત્રીશ્રી માવજીભાઈ એ નવા પ્રમુખની પસંદગી કેવી રીતે કરવી? તેના સૂચનો જણાવવા કહ્યું. બે-પાંચ સૂચનો આવ્યા બાદ સભા મંડપમાં આગળ બેઠેલા કેટલાક સભાસદએ પહેલા ટ્રસ્ટીઓના રાજીનામાની માંગ

કરી. આ માંગ ધીમે ધીમે આખા સભામંડપમાંથી થવા લાગી. આથી મંચ ઉપર બેઠેલ ટ્રસ્ટીઓ ગંગારામ સાંખલા, શિવદાસ છાભૈયા, લધાભાઈ પોકાર, વાલજી વાડીયા, દેવજી લીંબાણી, વાલજી ભગત, લખમશીભાઈ, ગોપાલ ભાવાણી, શિવગણ છાભૈયા અને લાલજીભાઈ ભાવાણી મંચ ઉપરથી નીચે ઉતરી ગયા હતા. આ સમયે પ્રમુખશ્રી રામજીબાપાએ વિનંતી કરીને સૌ ટ્રસ્ટીઓને શાંત પાડી મંચ ઉપર બેસાડ્યા હતા. ત્યાર બાદ દરેક ટ્રસ્ટીએ ''લોકલાગણીને માન આપીને રાજીનામા આપીએ છીએ'' તેવી રજૂઆત કરીને મૌખીક રીતે રાજીનામા જાહેર કર્યા અને આવો હલ્લો કરવા બદલ દુઃખ તેમજ નિરાશા વ્યક્ત કરી. અને તેમનું સ્વમાન હણાયું છે, તેમ જણાવ્યું. એક ટ્રસ્ટીશ્રીએ જણાવ્યું કે ''અમે અહીં ચીપકી રહેવા માંગતા નથી. અમે હોદ્દા માટે નહીં પરંતુ કોર્ટના આદેશને કારણે અહીં બેઠા છીએ.''

ટ્રસ્ટીશ્રીના આ નિવેદનનો જવાબ આપતા હોય તેમ શ્રી હિંમતભાઈ ખેતાણી એ જણાવ્યું હતું કે ''૭-૫-૨૦૧૦ના રોજ



બપોર પછીના સત્રમાં વચ્ચે વચ્ચે વરસાદના ઝાપટા પડવાથી પાણી મંડપના કાપડમાંથી નીચે ટપકતું હતું તેથી ઘણા સભાજનોને મંડપ નીચે છત્રી ખોલવાની ફરજ પડી હતી.

સર્વાનુમતે પસાર થયેલું બંધારણ આપણે સૌએ જ બનાવ્યું હતું. હાઈકોર્ટના આદેશને માનવો પડે પણ હાઈકોર્ટ એ એવો આદેશ નથી કર્યો કે તમને ફરજીયાત ૬ વર્ષની ટર્મ પૂરી કરવી જ પડશે. નવા બંધારણની ભાવનાની કદર કરીને આપ સૌ મુરબ્બીઓએ સ્વૈચ્છીક રાજીનામું આપવું જોઈતું હતું. જેમાં આપશ્રીઓએ થોડુ મોડું કર્યું એટલે આ સભામાં થોડો હલ્લો થયો. આ સૌજન્યતા વહેલા દાખવી હોત તો આ સ્થિતિ ઉભી ના થઈ હોત.''

આનો વળતો જવાબ આપતા ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું કે ''ટોળા ઉભા થઈને હો હો કરે તે યોગ્ય નથી.'' અહીં થોડીવાર માટે માહોલ શાંત પડચો હતો અને ફરીથી હિંમતભાઈ ખેતાણી એ શિવદાસ છાભૈયા (ટ્રસ્ટી)ને કંઈક પ્રશ્ન પૂછતા શિવદાસભાઈ ગુસ્સામાં આવી મને નહીં પ્રમુખને પૂછો એવું બોલ્યા. અને ફરીથી હિંમતભાઈ અને બીજા કેટલાક ટ્રસ્ટીઓ સામ સામે આવી ગયા. ટ્રસ્ટીઓ ફરીથી મંચ ઉપરથી ઉતરી ગયા. આ વખતે હાજર પોલીસ કર્મી પણ ઊંચાનીચા થઈ જઈ હરકતમાં આવી ગયા હતા. ૬ થી ૭ હજારની જનમેદનીમાં ભારે ઉત્તેજના છવાઈ ગઈ હતી. પ્રમુખ રામજીબાપા વારંવાર શાંત



મધ દરિયે થી વહાણ બહાર કાઢનાર શ્રી ગંગારામભાઈ સાંખલા

મંડપની બહાર પણ હકડેઠઠ ભીડ ઉમટેલ નજરે પડે છે. આવું દશ્ય મંડપની બીજી સાઈડ પણ જોવા મળતું હતું.

મધ દરીયે આપણું વહાણ ફસાયેલું છે : પ્રમુખશ્રી ગંગારામભાઈ



પ્રમુખ તરીકે પ્રથમ વખત સભાને સંબોધતા નવ નિમાયેલ પ્રમુખ શ્રી ગંગારામભાઈ એ જણાવ્યું હતું કે ‘‘મારા ઉપર વિશ્વાસ મૂકવા બદલ આભાર. આ પદને લાયક છું કે નહીં તે ખબર નથી પરંતુ હોદ્દાને અનુરૂપ સમાજના હિતમાં કામ કરવાની કોશિષ કરીશ. એવા વખતે પ્રમુખ બન્યો છું જ્યારે આપાણા સમાજનું જહાજ મધ દરીયે તોફાનોમાં અટવાયેલું છે. તેથી આપ સર્વેનો સાથ સહકાર જરૂરી છે.’’

સતપંથ તરફ ઈશારો કરતા કહ્યું હતું કે, ‘‘કોર્ટ કચેરીથી ડરવાની જરૂર નથી. સામેવાળાને જે કરવું હોય તે કરે આપાણી પહોંચી વળીશું.’’ પ્રમુખશ્રીના આ નિવેદનને ઉપસ્થિત સભાજનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી અને છેલ્લા ઉત્સાહ પૂર્વક સનાતન ધર્મની જય બોલાવી પોતાના ઈરાદા સ્પષ્ટ કરી દીધા હતા.

રહેવાની વિનંતી કરતા રહ્યા પાણ કોઈ સાંભળતું ન હોતું. આથી પ્રમુખશ્રી રામજીબાપાએ આ પ્રથમ સત્રને પૂર્ણ જાહેર કરી લંચ બ્રેક પાડીદીધો અને બીજા સત્રમાં ૨-૩૦ વાગે સભા ફરી શરૂ થશે, તેવી જાહેરાત કરી.

બપોરે ભોજનની રિશેષ દરમીયાન અગ્રણી કાર્યકરો અને હોદ્દેદારો તથા સભ્યો પોતપોતાના ગ્રપ બનાવી ગુસડ ફુસડ કરતા હતા. દરેકને એમ જ હતું કે સભામાં ફરીથી ગરમા ગરમીના દશ્યો સર્જાશે. પરંતુ વડિલોની આગવી સુઝબુઝને કારણે આવું કાંઈ બન્યું જ નહીં. સભાના બીજા સત્રની શરૂઆતમાં રમેશભાઈ વાઘડિયા અને યુવાસંઘ

પ્રમુખ ગૌરાંગભાઈ ધનાણી એ બિલકુલ શાંતિ રાખવાનો અને ધેજ ના કરવાનો અનુરોધ કર્યો હતો અને તેની અસર પછીના દરેક સત્રામાં દેખાતી હતી.

બીજા સત્રની શરૂઆતમાં જ વરસાદનું ઝાંપટું પડયું હતું. મંડપમાં ટપક ટપક વચ્ચે પણ લોકો બેસી રહ્યા હતા. બીજા સત્રમાં સૌ પ્રથમ પંચ નિમી પંચ દ્વારા નવા પ્રમુખનું સિલેકશન કરવાનું નક્કી કરવામાં આવ્યું. લાંબી ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે એવું નક્કી કરવામાં આવ્યું કે સભાધ્યક્ષ અને પ્રમુખ શ્રી રામજીભાઈ નાકરાણી પોતે પણ પંચમાં રહે અને બીજા ૬ સભ્યોને પણ પોતે જ ચૂંટે. પ્રમુખ રામજી બાપાએ પ્રમુખની પસંદગી માટે પંચમાં રતિલાલભાઈ-મુંબઈ, મોહન શિવજી ધોળુ, ધનંજીભાઈ-બેંગ્લોર,નારણ રામજી પોકાર, અબજીભાઈ કાનાણી અને હંસરાજ દેવજી ધોળુની પસંદગી કરી હતી. આમ રામજીબાપા એ ચૂંટેલ પંચે પ્રમુખપદ માટે બે ઠેકેદારોની સહી વાળી સાદા કાગળ ઉપર અરજીઓ મંગાવી. ત્યાર બાદ આ પંચ મંડપ ઉપરથી ઉભું થઈ ખાનગીમાં ચર્ચા



સ્વર્ણિમ મહોત્સવ સ્મૃતિ ગ્રંથનું વિમોચન કરતું શ્રી ધનાણી પરિવાર અને બીજા અગ્રણીઓ

વિચારણા કરી પાછું આવ્યું અને તેમણે ગંગારામ હિરાલાલ સાંખલાની આગામી ૩ વર્ષની ટર્મ માટે વરણી કરી.

ત્યાર બાદ નવા ટ્રસ્ટીઓ માટે સભામાંથી નામ મંગાવવામાં આવ્યા હતા. આમ ટ્રસ્ટીઓની વરણી કરવામાં આવી હતી. નવા ટ્રસ્ટીઓના નામ આ મુજબ છે : (૧) રામજી કરમશી નાકરાણી (રાયપુર), (૨) લધાભાઈ વિશ્રામ પોકાર (૩) વાલજી નારણ ભગત (૪) લખમશી નારણભાઈ દિવાણી (૫) બાબુભાઈ હિરજી ચૌહાણ (૬) ગોપાલ વાલજી ભાવાણી, (૭) કરસન સામજી સંગાણી (૮) ડાહ્યારામ નથ્થુરામ મૈયાત (હ્યાપર), (૯) માવજી કેસરા રામાણી (૧૦) લક્ષ્મણ નાનજી ચૌહાણ, (૧૧) ઈશ્વર માવજી ભગત.

અત્રે ઉલ્લેખનીય છે કે નવા બંધારણ મુજબ ટ્રસ્ટીની ટર્મ ૩ વર્ષની છે. પરંતુ કોર્ટના આદેશ મુજબ નવા બંધારણ ઉપર સ્ટે આપવાથી અમલ હાલ પૂરતો ના થઈ શકે. તેથી ૬ વર્ષની ટર્મ માન્ય ગણાય. પરંતુ મને કે કમને ટ્રસ્ટીઓએ રાજીનામા આપી સનાતની ભાવનાની કદમ કરી હતી. ત્યાર બાદ કારોબારીની વરણી કરવામાં આવી હતી અને સાંજે ભોજન બાદ નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ આભારવિધી કરી સભા પૂર્ણ કરી હતી. પ્રમુખશ્રી રામજીબાપાના કાર્યકાળને બિરદાવવામાં આવ્યો હતો અને તેમણે કરેલ કામગીરીની નોંધ લઈ તેમનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

ચેહર માતાના નામે ઠગાઈ કરતા ભુવાનો પર્દાફાશ

પાટીદાર યુવતિનું ધાકધમકી પૂર્વક અપહરણ કરનાર ચેહરમાતાના નામે ઠગાઈ કરનાર ભુવો અંતે જેલમાં

જગત જનની માઁ ચેહર (મારતોલી-મહેસાણા)ના ભુવા તરીકે પોતાની જાતને ઓળખાવતા ઠગ લક્ષ્મણ શ્રીમાળી (ઉ.વ. ૪૫)ની અપહરણ, વ્યભિચાર છેડતી અને ધાકધમકી આપવા બદલ ભરૂચ જિલ્લાના નબીપુરા પોલીસે પાટણમાં (ઉત્તર ગુજરાત) તેના ઘરેથી ગત તા. ૨૮-૭-૨૦૧૧ના રોજ ધરપકડ કરી હતી. તેની પાપલીલામાં ભાગીદાર તેના પુત્ર જીજ્ઞેશ શ્રીમાળી (ઉ.વ. ૨૦)ની પણ ધરપકડ કરવામાં આવી હતી.



લક્ષ્મણ શ્રીમાળી

ભાગ-૧


ભુવાની કાળી કરતુત

કરતુત નં. ૧ : દાનમાં મળેલ મિલ્કતોનો દુરુપયોગ

બનાવની વિગત એવી છે કે પાટણ તાલુકાના કુણઘેર ગામનો મુળ રહેવાસી અને આપણા અંધશ્રધ્ધાળુ કચ્છી કડવા પાટીદારોની મહેરબાનીથી પાટણ (જ્યાંથી પાટીદાર બંધુ પ્રકાશિત થાય છે તે)ની ચાણસ્મા હાઈવે ઉપર આવેલ આસાસુરી સોસાયટીના મકાન નં. ૭૫માં રહેતો દલિત શ્રીમાળી લક્ષ્મણે પોતે ચેહરમાતાનો ભુવો છે તેવો દાવો કરી આપણી જ્ઞાતિના ભણેલા-ગણેલા આર્થિક રીતે સધ્ધર કહી શકાય તેવા હજારો લોકોને પોતાની માયા જાળમાં ફસાવ્યા હતા. આ ઠગ લક્ષ્મણી શ્રીમાળીએ ખૂબ જ ચતુરાઈ પૂર્વક પોતાનું નેટવર્ક બેંગ્લોર, ગોવા, વિશાખાપટ્ટનમ, રાયપૂર, હૈદરાબાદ, કલકત્તા, બાલોદ, નાગપુર, સુરત, કડોદરા, ભરૂચ, વડોદરા અને અમદાવાદ જેવા શહેરો સુધી વિસ્તાર્યું હતું.

પોતે માતાજીનો ભૂવો છે અને માતાજીનું તેને વરદાન છે એવો દાવો કરનાર આ ભુવો આપણી જ્ઞાતિના લોકોને ઠગીને પૈસા પડાવતો હતો. આ ભુવો દસેક વર્ષ પહેલા ભરૂચ રહેતા આપણી જ જ્ઞાતીના પ્રભુદાસને (નામ બદલેલ છે.) મળ્યો હતો. પરિચય કેળવવામાં કુશળ લક્ષ્મણ શ્રીમાળી એ સૌ પ્રથમ પ્રભુદાસને પોતાની જાળમાં ફસાવ્યા. આ ભુવો તંત્ર-મંત્ર દ્વારા દુઃખ દર્દ અને બાધાઓ નિવારવાનો દાવો કરતો હતો, એવું કહેવાય છે. પ્રભુદાસ આ ભુવાથી પ્રભાવિત થઈ ગયા. તેઓ શરૂ શરૂમાં આ ભુવાના ગુણગાન ગાવા લાગ્યા. અને આજુબાજુના પોતાના સંપર્કમાં આવનાર લોકોને માતાજીના ભક્ત બનાવવા લાગ્યા. આમ માતાજીના નામે ભુવાના ભક્તોની સંખ્યા વધવા લાગી. આ ભૂવો મહિનામાં ત્રણથી ચાર વાર પ્રભુદાસના ઘરે આવવા લાગ્યો. અને અંધશ્રધ્ધાળુઓને આર્શિવાદ આપવા લાગ્યો.

બે ત્રાણ વર્ષ પછી આ ભુવાએ તેમના ભકતોને મહેસાણા પાસે મરતોલી ગામમાં આવેલ ચેહરમાતાના મંદિરમાં દર પૂનમે દર્શન કરવા જવાનું કહ્યું. આમ હવે મરતોલીમાં ભુવા ભકતો માઁ ચેહરના દર્શને જવા લાગ્યાં. મરતોલી પ્રમાણમાં નાનુગામ હોવાથી ત્યાં ઉતારાની વ્યવસ્થા ન હોવાથી આ ભુવાએ તેમના કચ્છી કડવા પાટીદાર



મરતલોમાં આવેલ ચેહરમાતાના આ મંદિરમાં ભુવો તેના ભકતોને પૂનમ ભરાવતો

શાંતિદાસ મહારાજ મારી સાથે કલાક વાત કરે છે : ભૂવો

હું (બ્રિજેશ પટેલ-તંત્રી) અને જીગર પાટણમાં આવેલ તેના ઘરે તેને મળવા ગયા તો ભુવાએ અમને આ કેસ અંગે કાંઈપણ કહેવાની ના કહી. અમે થોડો આગ્રહ કરતા તેણે તેના કોઈ સલાહકારને ફોન જોડ્યો અને અમને આપ્યો. સામેની વ્યક્તિ એ અમને સ્પષ્ટ જણાવ્યું કે, "અમને કાંઈ કહેવું નથી તેમને જે છાપવું હોય એ છાપો."

ભુવાએ પણ શરૂ શરૂમાં આજ રટણ ચાલુ રાખ્યું કે "તમને મારા વિશે જે છાપવું હોય એ છાપો. મને માનવા વાળા (એટલે કે આપણા જ કચ્છી કડવા પાટીદારો) માનતા જ રહેશે. આજે પણ મારા મોબાઈલ ઉપર તમારી જ્ઞાતિના સેંકડો પાટીદારોના ફોન આવે છે. શાંતિદાસ મહારાજ (મોટી વિરાણીવાળા) મારી સાથે એક કલાક સુધી વાતો કરે છે. પાટીદાર સંદેશના તંત્રી શામજીભાઈ પણ મને સારી રીતે ઓળખે છે. એક જ પરિવાર મારી વિરુધ્ધમાં છે. પણ હજારો પરિવાર આજે પણ મને માને છે."

આગળ શેખી મારતા તેણે જણાવ્યું કે "મને રૂપિયાની કાંઈ જરૂરત નથી. મને ઘર ચાલે તેટલા રૂપિયા મળી રહી છે. હું ખાલી પાંચ પાર્ટી પકડુંને તો પણ મારું ઘર આરામથી ચાલે. મારી પાસે એવા લોકો છે જે મને લાખો-કરોડો રૂપિયા આપી શકે છે. પરંતુ હું ક્યારેય જરૂરથી વધારે માંગતો નથી." તેણે પ્રભુદાસ ઉપર આરોપ લગાવતા જણાવ્યું કે "મારે તેની પાસેથી વીસ ખાલ રૂપિયા લેવાના છે. મારી પાસે પાટીદાર સંદેશ અને ઉમા દર્પણ પણ આવે છે. હું તેનો વાંચક છું. આમ અમને પ્રભાવિત કરવા અને પોતે મહાન અને નિર્દોષ છે તેવું સાબિત કરવા લાગ્યો."

નોંધ : અહીં અમારો કહેવાનો મતલબ એ નથી કે શ્રધ્ધેયશ્રી શાંતિદાસ મહારાજ અને આદરણીય શામજીભાઈ (તંત્રી, પાટીદાર સંદેશ) ભુવા લક્ષ્મણ શ્રીમાળીના સમર્થક છે. આ તો ભુવો જે બોલ્યો હતો તે અમે અહીં લખ્યું છે. બંને આદરણીય મહાનુભાવો પ્રત્યે અમને કોઈ શંકા નથી, તે જાણવા જોગ નમ્ર વિનંતી.

ભકતોને કહી ચાર રૂમનું મકાન બનાવડાવ્યું. આ મકાન ઉપર 'શ્રી લક્ષ્માણદાસ મહારાજ - ક.ક.પાટીદાર ભાઈઓ તરફથી' એવું બોર્ડ પણ લગાવેલ છે. આટલેથી ના ધરાતા આ ભુવાએ તેમના વતન કુણઘેરથી ૧૨-૧૩ કિ.મી.ના અંતરે આવેલ પાટણ શહેરમાં પોતાને રહેવા માટે મકાન લઈ આપવાનું કહ્યું. આથી આપણા પાટીદારોએ પાટણના વિકસીત કહી શકાય તેવા વિસ્તારમાં (આસાસુરી સોસાયટી, અંબાજીનગર પાસે, ચાણસ્મા હાઈવે) અંદાજે રૂા. ૧૫ લાખની કિંમતનું મકાન લઈ આપ્યું. આ ભુવાના ૯૯% ભકતો આપણી જ જ્ઞાતિના છે અને એમાંથી ૮૦ ટકા લોકો કરોડપતિઓ છે.

આપણી જ્ઞાતિના અંધશ્રધ્ધાળુઓની નસ પારખી જઈને આ લક્ષ્માણ શ્રીમાળીએ પાટીદારોના પૈસે ભરૂચ પાસે આશ્રમ બનાવવાનું નક્કી કર્યું. આપણા ભોળા કહો કે અંધશ્રધ્ધાળુ પાટીદારોએ દાનની સરવાણી કરી ભરૂચ પાસે નર્મદા નદીના કિનારે ઈ.સ. ૨૦૦૬ની સાલમાં રૂપિયા ૬ લાખમાં ૪. વિઘા જમીન લીધી. તેનું ઓપનીંગ ૨૨ એપ્રિલ ૨૦૧૦ના રોજ કરવામાં આવ્યું. જ્યાં દેશભરમાંથી ૭૫૦ થી ૮૦૦ કરોડપતિ જ્ઞાતિજનો ખાસ ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગ બે દિવસ ચાલ્યો હતો. આ કાર્યક્રમની સફળતા માટે પ્રભુદાસે ભારે જહેમત ઉઠાવી હતી. ભારતભરના પાટીદારોએ અને ભુવા લક્ષ્માણ શ્રીમાળીએ આશ્રમનો કાર્યભાર પ્રભુદાસને સોંપ્યો. આર્થિક રીતે નબળા પ્રભુદાસે ખૂબ જ ભાવથી આશ્રમની સેવા પોતાને માથે ઉપાડી લીધી. તેઓ પોતાના ધંધામાંથી સમય ફાળવીને લક્ષ્માણ શ્રીમાળીના આશ્રમમાં સેવા આપવા લાગ્યા. તા. ૨૨-૪-૨૦૧૦ના રોજ ઉદ્‌ઘાટીત થયેલ આશ્રમ ભુવાએ ૧૩-૧૧-૨૦૧૦ના રોજ રૂા. ૬૦,૦૦,૦૦૦માં વેચી નાંખ્યો. આ અંગે પ્રભુદાસે બીજા ભકતોને જાણ કરી હતી. પણ કોઈએ પ્રભુદાસની વાત નહોતી માની. અન્ય અંધશ્રધ્ધાઓ પ્રભુદાસને જણાવી દીધું કે મહારાજ જેમ કહે તેમ કરો અને આશ્રમના જે રૂપિયા આવ્યા છે તે તેમને આપી

તમારી દિકરી અમદાવાદ બસ સ્ટેશને ઉભી છે

તા. ૧-૨-૨૦૧૧ના રોજ સવારે ૯-૦૦ વાગે ભરૂચ બજારમાં ખરીદી કરવા નિકળેલી ચંદ્રીકા (નામ બદલેલ છે.) ભરૂચ તેમના સંબંધીને ત્યાં જવાની હતી. આની જાણ ભરૂચ રહેતા સંબંધીને કરવામાં આવી હતી. સાંજે ૬-૦૦ વાગ્યા સુધી ચંદ્રીકા ના આવતા ભરૂચ રહેતા સંબંધી રસીલાબેને પ્રભુદાસને ફોન કરી ચંદ્રીકા અંગે પૂછ્યું ત્યારે બધા ચંદ્રીકાને શોધવા લાગ્યા. ચેહર મૉના ભુવામાં શ્રધ્ધા ધરાવતા પ્રભુદાસે ચેહરના ભુવા લક્ષ્મણને ફોન કરીને દિકરીના ગુમ થવા અંગે પૂછ્યું તો ખુદ પોતે જ ઉપાડી જનાર લક્ષ્મણએ ખૂબ જ આરામથી જાણે પોતે ત્રીકાળજ્ઞાની હોય તેમ પ્રભુદાસને કહી દીધું કે "તમારી દિકરી બરાબર છે અને જલ્દી પાછી આવશે." અહીં નોંધનીય છે કે ૧/૨/૨૦૧૧ના રોજ સાંજે ૬-૦૦ વાગે ચંદ્રીકા તે ભુવા પાસે જ હોવી જોઈએ. પ્રભુદાસના કેહવા મુજબ ત્યારબાદ મહારાજ (ભુવા)નો સંપર્ક થઈ ના શક્યો. પછી છેક બીજા દિવસે સાંજે સંપર્ક થતા તેણે જણાવ્યું કે "હું તેને લઈને આવીશ. અમદાવાદ બસ સ્ટેશને ઉભેલી દેખાય છે." અહીં પણ ભુવો પોતે સર્વજ્ઞ હોવાની ડિંગ હાંકતો હતો.

દો. આમ લક્ષ્મણ શ્રીમાળી આશ્રમના ૬૦,૦૦,૦૦૦ રૂપિયા પોતાના ઘર ભેગા કરી ગયો, એમ ચર્ચાઇ રહ્યું છે.

કરતુત નં. ૨ : પ્રભુદાસની દીકરી ચંદ્રીકા (નામ બદલેલ છે) નું અપહરણ

આ ભુવાના કરતુંતો અહીંથી અટકી ગયા હોત તો આ લખવાની જરૂર ના પડી હોત. આ ભુવા એ હદ તો ત્યારે કરી નાખી જ્યારે તેણે ભોળા સ્વભાવના પ્રભુદાસંની બીજાં નંબરની દિકરી ચંદ્રીકાનું ધાકધમકી પૂર્વક અપહરણ કર્યું. આ બનાવની વિગતમાં જાણકાર સુત્રો પાસેથી એવું જાણવા મળે છે કે પ્રભુદાસની ત્રણ દિકરીઓ પૈકીની બીજી દિકરી ચંદ્રીકાની સગાઇ વડોદરા ખાતે થઇ હતી. ચંદ્રીકા તેના ભાવિ પતિને આપવાની ભેટ-સોગાદની ખરીદી કરવા ભરૂચ જવા નીકળી હતી. વાતો કઢાવવામાં હોંશિયાર આ ભુવાએ ચંદ્રીકા અને તેના ઘરવાળા પાસેથી અગાઉથી જાણી લીધું હતું કે તે તા. ૧-૨-૨૦૧૧ના રોજ સવારે ૯-૦૦ વાગે તેમના ઘરેથી ભરૂચ જવા નિકળવાવાની છે. બસ ચૂકી જવાથી ચંદ્રીકા શટલ રીક્ષામાં બેસી ભરૂચ જવા નિકળી ત્યારે રસ્તામાં નબીપુરા ચોકડી પાસે ભુવો ઉભો હતો. તેને ચંદ્રીકાને બોલાવી રીક્ષામાંથી ઉતારી દીધી. લક્ષ્મણ શ્રીમાળી વર્ષોથી પરિચિત હોવાથી ચંદ્રીકા ત્યાં ઉતરી ગઇ અને ભુવાજી પાસે વાત કરવા લાગી. ભુવાએ ચંદ્રીકાને સગાઇ કરવા બદલ ખૂબ જ ધમકાવી નાખી. ચંદ્રીકાના કહેવા મુજબ લક્ષ્મણ શ્રીમાળીએ ચંદ્રીકાના ગાલ ઉપર લાફા પણ માર્યા હતા. ભુવાનું આવુ ઉગ્ર સ્વરૂપ જોઇને ચંદ્રીકા હેબતાઇ જઇ અવાક બની ગઇ.

ચંદ્રીકા કંઇપણ પ્રત્યાઘાત આપે તે પહેલા અગાઉથી જ તૈયાર રાખેલ ટાટા સુમોને ભુવાએ ઈશારો કરી બોલાવી લીધી અને ચંદ્રીકાને તેમાં બેસાડી દીધી. રસ્તામાં તેણે ચંદ્રીકા સાથે થોડી છેડછાડ કરવાનો પણ પ્રયત્ન કર્યો. પરંતુ ચંદ્રીકા તેને તાબે થઇ નહોતી. આથી ફરીથી ભુવાએ ચંદ્રીકાને ફટકારી. ચંદ્રીકાને ચુપ રહેવા અને કાંઇપણ ન બોલવા જણાવ્યું. ભૂવો ચંદ્રીકાને લઇને અમદાવાદ એરપોર્ટ પહોંચ્યો. ત્યાંથી તે ચંદ્રીકાને વિમાનમાં લઇને હૈદરાબાદ પહોંચ્યો. ચંદ્રીકા પહેલીવાર વિમાનમાં બેઠી. તે ખૂબ ગભરાયેલી હતી. ચંદ્રીકાને ભૂવાએ અહીં પણ ચૂપ રહેવા જણાવ્યું હતું. દોઢેક કલાક પછી પ્લેન લેંડીંગ થયા પછી જ્યારે

પ્રભુદાસે પહેલા કેમ કેસ ના કર્યો...?

દરેકના મનમાં આ ઘટનાની જાણ થયા પછી એક પ્રશ્ન ઉદ્ભવતો હશે કે "૧/૨/૨૦૧૧ના રોજ બનેલી ઘટનાની એફઆઇઆર ૨૫/૭/૨૦૧૧ ના કેમ નોંધવામાં આવી? ૬ મહિના સુધી કેમ ચૂક રહ્યા?"

પ્રભુદાસ ચંદ્રીકાના અપહરણ વખતે જ ભુવા સામે પોલીસ ફરીયાદ નોંધાવવાના હતા. પરંતુ માતાજીના ભુવાની આપણી જ જ્ઞાતિની કેટલીક અંધશ્રધ્ધાળુ મોટી પાર્ટીઓ એ મધ્યમ વર્ગના પ્રભુદાસને દબાવી દીધા અને ભુવા સામે કોઇ પગલા ના લેવા જણાવ્યું. એવું પ્રભુદાસે પાટીદાર બંધુને જણાવ્યું હતું. પ્રભુદાસે એમ પણ જણાવ્યું હતું કે "મારી પાસે સામાજિક પીઠબળ ના હોવાથી મેં ચૂપ રહેવાનું પસંદ કર્યું. પરંતુ ભવનભાઇ પોકાર અને બીજા અગ્રણી સમાજ સેવકોએ હિંમત આપતા અંતે મેં કેસ કરવાનું નક્કી કર્યું."

એરપોર્ટની બહાર આવ્યા ત્યારે એક વ્યક્તિ ભુવાને લેવા માટે આવી હતી. તે ભુવાને પગે લાગ્યો. અને ચંદ્રીકા વિશે પૂછતા તેણે જણાવ્યું કે "ગુજરાતથી ઘણી છોકરીઓ અહીં ફરવા આવી છે. આ છોકરીને કાલે ગુજરાત પાછુ જવાનું હોવાથી મારી પાસે આવી છે અને કાલે હું તેને ગુજરાત લઈ જઈશ." ચંદ્રીકાને વાતચીત ઉપરથી એવું લાગ્યું કે એરપોર્ટ ઉપર લેવા

કરતુત નં. - ૩

ચાર બાળકના પિતા લક્ષ્મણ શ્રીમાળી એ વિદેશ જવાના નામે પત્નીને છૂટાછેડા આપ્યા અને ભક્તની યુવાન દિકરીને ફસાવવાનો પ્લાન ઘડ્યો

લક્ષ્માણ શ્રીમાળીના કરતુતોની હદ તો ત્યારે થઈ ગઈ જ્યારે લક્ષ્માણ શ્રીમાળી એ પ્રભુદાસને તેની દિકરી ચંદ્રીકાને અને પ્રભુદાસના પરિવારને અંધકારમાં રાખી પેપર ઉપર ચંદ્રીકા સાથે બનાવટી લગ્ન કરી લીધા. પ્રભુદાસના પરિવાર સાથે ઘર જેવો સંબંધ ધરાવતો ચેહર માતાનો આ કહેવાતો ભક્ત એ દિકરીનું સગપાણ શોધી આપવાનું કહી ચંદ્રીકાની એલ.સી. (શાળા છોડયાનું પ્રમાણપત્ર) લઈ બનાવટી કાગળો તૈયાર કરીને ચંદ્રીકા સાથે લગ્ન પાણ કરી લીધા હતા. લક્ષ્માણ શ્રીમાળી એ ચંદ્રીકાને છેતરીને તેની કોરા કાગળ ઉપર સહી લઈ લીધી હતી. બીજી બાજુ આજ લક્ષ્માણ શ્રીમાળી એ તેમની કાયદેસરની ધર્મપત્ની ભગવતીબહેન સાથે પાણ છેતરપીંડી કરી વિદેશ જવાનું છે તેમ કહી છૂટાછેડાના લખાણવાળા ૧૦૦ રૂા.ના સ્ટેમ્પ પેપર સહી લઈ છૂટાછેડા લઈ લીધા હતા. પરંતુ પાપનો ઘડો ફૂટવાનો હોય ત્યારે બુધ્ધિ બહેર મારી જાય છે. લક્ષ્માણ શ્રીમાળી એ ચંદ્રીકા સાથે ૧૧-૧-૨૦૧૧ના લગ્ન કર્યા હતા (માત્ર કાગળ ઉપર, બનાવટી અને ચંદ્રીકાની સંપૂર્ણ ગેરહાજરીમાં તથા ચંદ્રીકા અને તેના પરિવારની જાણ બહાર) જ્યારે તારીખ ૨૮-૨-૨૦૧૧ના રોજ તેની પત્ની ભગવતી સાથે છૂટાછેડા લીધા (એ પાણ એની પત્નીની જાણ બહાર). આમ તેના ચંદ્રીકા સાથેના લગ્ન હિન્દુ લગ્ન કાયદા પ્રમાણે ગેરકાયદેસર અને ગેરલાયક ઠરે છે. અને આ બીજા લગ્ન કરનાર ગુનેગાર ઠરે છે.

૪૫ વર્ષિય લક્ષ્માણ શ્રીમાળીના ૧૯૮૫ની સાલમાં ભગવતીબહેન સાથે લગ્ન થયા હતા. આ લગ્નથી લક્ષ્માણ શ્રીમાળીને બે પુત્રો અને બે પુત્રી એમ ચાર સંતાનો પાણ છે. ચંદ્રીકા સાથે લગ્ન કરવા માટે તોણે એક રીક્ષાવાળાને અને અન્ય એક વ્યક્તિને "પોતે પરદેશ જઈ રહ્યો છે અને સાક્ષીની સહી જોઈએ છે" એમ કહી સાક્ષીમાં સહી કરાવી હતી. આ ભુવાએ એક ગોર મહારાજને ૨૦૦ રૂા. આપી સહી કરાવી લીધી હતી. આમ આ લક્ષ્માણ શ્રીમાળીના ચંદ્રીકા સાથેના લગ્ન સંપૂર્ણ બનાવટી અને ભવિષ્યમાં ચંદ્રીકાને ફસાવવા માટે કર્યા હોય તેવું સ્પષ્ટ જાણાય છે.

અહીં ઉલ્લેખનીય છે કે જ્યારે નબીપુરા પોલીસે લક્ષ્માણ શ્રીમાળીની પાટાણથી ધરપકડ કરી ત્યારે તેના ઘરે તેની પત્ની ભગવતીબહેન હાજર હતા. ભગવતીબહેને આ છૂટાછેડા અંગે પોલીસને જણાવ્યું હતું કે "મેં ક્યારેય છૂટાવેડા આપ્યા નથી અને હું મારા પતિના ઘરમાં જ રહું છું." આમ ચેહરમાતાના નામે લોકોને ઠગતા ઠગે તેની ધર્મ પત્નીને પાણ બરાબરની ઠગી છે. ભુવાના આ બનાવટી લગ્ન અને છૂટાછેડાના પ્રકરાણ અંગે પાણ પોલીસ વધુ તપાસ કરી રહી છે. હજી પાણ આ ઠગને આંખો બંધ કરીને માનનારા અંધશ્રધ્ધાળુઓ આ ઘટના ઉપરથી બોધ લેશે કે નહીં...? તે પાણ એક પ્રશ્ન છે.

(માહિતી સંદર્ભ : ગુ.સ. ૪-૮-૨૦૧૧, ભરૂચ)

આવેલ વ્યક્તિ રમેશભાઇ છે. રમેશભાઇના ઘરે રાત્રે ઘણા કાણબી ભાઇઓ આવ્યા હતા. તેમાણે ભુવાની પુજા કરી ચરાણ ધોઇ ચરાણામૃત પીધુ હતું.

૨ ફેબ્રુઆરી એ સવારે રમેશભાઇની સફેદ મારૂતી વાનમાં રમેશભાઇનું પરિવાર, ભુવો અને ચંદ્રીકા કોઇ લાકડાની વખાર-દુકાનમાં ગયા. જ્યાં આ ભુવાએ તંત્ર-મંત્ર કર્યું. ત્યાર બાદ બપોરે જમ્યા પછી રમેશભાઇ ભુવાને અને ચંદ્રીકાને એરપોર્ટ મુકવા ગયા. જ્યાં પણ મોકો મળે ત્યાં આ ભુવો ચંદ્રીકાની છેડછાડ કરવાનો પ્રયત્ન કરતો. અમદાવાદ આવ્યા બાદ ભુવાએ ફરીથી ચંદ્રીકાને ટાટા સુમોમાં બેસાડી દીધી. આ દરમીયાન ભુવો વારંવાર ચંદ્રીકાને ધાકધમકી આપતા કહેતો કે ''મેં ભરૂચ ગુંડા મોકલેલ છે. જો કાંઇ ગરબડ કરીશ તો તારા માતા-પિતાને મારી નાંખશે અને હું તને ઝેર પીવડાવી દઇશ.'' ભુવો ચંદ્રીકાને લઇને મહેસાણા આવી ગયો. ત્યાંથી ભુવાએ પાટાણ રહેતા તેના દિકરાને બોલાવ્યો અને ચંદ્રીકાને તેની સાથે પાટાણ મોકલી દીધી. ભુવાએ તેની પત્નીને ફોન કરીને કહ્યું કે, ''ચંદ્રીકાને સગાઇ કરવી નથી અને તેના ઘરવાળાએ તેની જબરજસ્તીથી સગાઇ કરી નાંખી છે તેથી તે મારી પાસે આવી ગઇ છે. તેને આપણા ઘરે રાખજે.''

ચોથી ફેબ્રુઆરી એ ચંદ્રીકાના હાથમાં ભુવાના છોકરાનો મોબાઇલ આવી જતા તેણે તેના બનેવીને ફોન કર્યો અને પાટાણથી લઇ જવા જણાવ્યું. આથી પ્રભુદાસના જમાઇ ચંદ્રીકાને લેવા પાટાણ આવ્યા. અહીંપાણ લક્ષ્માણ શ્રીમાળીની પત્ની ભગવતી અને ચંદ્રીકાના બનેવી સાથે ચંદ્રીકાને મોકલવા તૈયાર નહોતી. પરંતુ જેમ તેમ કરીને ત્યાંથી ચંદ્રીકાને છોડાવવામાં સફળતા મેળવી. આમ આ આખી ઘટનાનો નાટયાત્મક અંત આવ્યો. પરંતુ આ ઘટનાનો અંત નહોતો. આતો ઇન્ટરવલ હતો. આ દરમીયાન વડોદરા કે જ્યાં ચંદ્રીકાની સગાઇ થઇ હતી તે લોકોએ ચંદ્રીકા સાથે સગાઇ તોડી નાખી. અહીં લક્ષ્મણ શ્રીમાળી આબાદ બચી ગયો.

ભાગ-૨

આવી રીતે પકડાયો ભૂવો લક્ષ્મણ શ્રીમાળી

કચ્છ કડવા પાટીદાર સમાજની દિકરીના ચરિત્ર સાથે અને તેના માન સન્માન સાથે ખેલવાડ કરનાર ભુવાએ ચંદ્રીકાનું સગપણ તોડાવી નાખ્યુ અને આખા પ્રકરાણમાં કોઇએ ભુવાને ચું કે ચા પાણ ના કરી એટલે ભુવો બેફામ વર્તવા લાગ્યો. તેનું જોર વધી ગયું. હવે જ્યાં પાણ ચંદ્રીકાની સગાઇની વાત ચાલતી ત્યાં ભુવો છોકરા વાળાના કોઇ પરિચિતને ફોન કરીને નિષ્પાપ ચંદ્રીકા વિશે જેમ તેમ બકી તેની સગાઇ ના થાય તેવા પ્રયત્નો કરતો. આ દરમિયાન ચંદ્રીકાની સગાઇ ગત ૨૫ જુનના રોજ નવસારી ખાતે આપણી જ જ્ઞાતિના એક સંસ્કારી પરિવારમાં કરવામાં આવી. આ વાતની જાણ ભુવાને થઇ જતા ભુવાએ ૮ જુલાઇ ૨૦૧૧ના દિવસે મરોલી રહેતા ભવન પોકારને મોબાઇલ ઉપર કોલ કર્યો. ફોન કરીને ભુવાએ ભવનભાઇને આ સગાઇ તોડી નાંખવા જણાવ્યું. ભવનભાઇએ કારણ પૂછ્યું તો એકદમ ખોટો આરોપ લગાવતા નિર્લજ્જ ઠગ ભુવાએ જણાવ્યું કે, ''ચંદ્રીકા બદચલન છે. તે એક મહારાજ સાથે ભાગી ગઇ હતી, વગેરે વગેરે ગંદી અને એકદમ પાયા વિહોણો બકવાસ કર્યો. ભવનભાઇએ ફોન કરનારને તેમનો પરિચય પૂછ્યો તો તેણે જણાવ્યું કે તેનું નામ બાબુભાઇ છે અને પોતે કડોદરાનો રહેવાસી છે. અને ઉમીયા ઇલેકટ્રીક નામે દુકાન ધરાવે છે. ભવનભાઇને આ

વ્યકિતની ઉત્તર ગુજરાતની છાંટવાળી બોલી ઉપરથી શંકા ગઈ અને તેમને આ વ્યકિતની વધુ તપાસ કરાવી તો ખબર પડી કે આવી કોઈ વ્યક્તિ કડોદરા રહેતી નથી. ૧૦ જુલાઈએ ફરી વખત ફોન આવ્યો અને ભવનભાઈની કાન ભંભેરાણી કરવાનું ચાલુ કરી દીધું. આ વખતે ભુવા એ પોતાને આશરો આપનાર પ્રભુદાસ (ચંદ્રીકાના પિતા) વિશે પણ જેમ તેમ બકવાસ કર્યો.''

આ ફોન કોલ પછી ભવનભાઈ પોકારે આખી ઘટનાનો અભ્યાસ કર્યો તેમને હકીકત જાણવા મળી કે પાટણનો આ ભુવો છેલ્લા દસ વર્ષથી આપાણી જ્ઞાતિના હજારો લોકોને ચેહર માતાના નામે છેતરી રહ્યો છે. ભવનભાઈએ પણ નોંધ્યું છે કે ગુજરાતમાં અને ગુજરાત બહાર રહેતા ભુવાના ભકતો આ ભુવાથી ગભરાય છે. અને તેના વિશે કાંઈપણ કહેવા તૈયાર નથી. ભવનભાઈએ તેના સાથી મિત્રો અજય દિવાણી, અમીત દિવાણી અને વિજય લીંબાણી સાથે આ ભુવાનો પર્દાફાશ કરવાનું નક્કી કર્યું. અમે અહીં જે આ સમાચાર પ્રકાશિત કર્યા છે તે પણ ભવનભાઈએ મોકલેલ રીપોર્ટને આધારે છે. ભવનભાઈ અને તેમની ટીમે ચંદ્રીકા અને પ્રભુદાસને મળીને આ સમગ્ર ઘટનાની હકીકત જાણી. ત્યારબાદ તેઓએ ભરૂચ જઈ અન્ય વ્યકિતઓનો સંપર્ક કરી ને તાગ મેળવ્યો કે ચંદ્રીકા અને પ્રભુદાસ નિર્દોષ છે. ભુવો લક્ષ્મણ ઠગ છે. સાચી વિગતો જાણી ભવનભાઈએ પ્રભુદાસને હિંમત આપી ને લક્ષ્મણ શ્રીમાળીની વિરુધ્ધમાં નબીપુરા પોલીસ સ્ટેશને ફરીયાદ લખાવવાનું કહ્યું. આથી ૨૫ જુલાઈના રોજ ભરૂચ પોલીસમાં ફરીયાદ લખાવવામાં આવી. ૨૮ જુલાઈના રોજ ઠગ લક્ષ્મણ શ્રીમાળીની પાટણ ખાતેના નિવાસ સ્થાનેથી ધરપકડ કરવામાં આવી અને તેને જેલ ભેગો કરવામાં આવ્યો. પાછળથી તેના ૨૦ વર્ષીય પુત્ર જીજ્ઞેશની પણ ધરપકડ કરવામાં આવી.

ભરૂચ જિલ્લા નબીપુરા પોલીસ સ્ટેશનમાં લક્ષ્મણ શ્રીમાળી વિરુધ્ધ વ્યભિચાર, છેડતી, અપહરણ, બોલાચાલી કરી ધાકધમકી આપવા અંગે ગુ.ર.નં. ૪૬/૧૧ થી આઈપીસી ૫૦૪/૫૦૬/૩૨૩/૩૫૪/૩૬૬/૪૯૪/૧૧૪ મુજબ ગુનો નોંધ્યો છે. તા. ૪-૮-૧૧ના આ લખાય છે ત્યાં સુધી ભુવો લક્ષ્મણ પોલિસના રીમાન્ડ ઉપર હતો, પાછળથી જામીન ઉપર તેનો છૂટકારો થયો છે.

જાણવા જેવું....

આપણને તરસ શું કામ લાગે છે...?

આપણને તરસ એટલા માટે લાગે છે કે આપણા શરીરમાં પાણીની અછત સર્જાય છે અને આપણું શરરી જે તત્વોનું બનેલું છે તેમાં ૨/૩ પાણી હોય છે અને વિવિધ રીતે આપણા શરીરમાં દરરોજ ત્રણ લિટર જેટલું પાણી નીકળી જાય છે, જેમાંથી અડધા લિટર જેટલું પરસેવા મારફતે એક લિટર શ્વાસોચ્છ્વાસ મારફત અને દોઢ લિટર જેટલું પેશાબ મારફતે નીકળી જાય છે. માટે જો આપણે પૂરતા પ્રમાણમાં પાણી નહિ પીએ તો આપણા શરીરમાં પાણીની અછત સર્જાય છે. સામાન્ય રીતે દરેક વ્યક્તિએ દૈનિક છ થી આઠ ગ્લાસ જેટલું પાણી પીવું જોઈએ.

શું મણીભાઈ પટેલ પણ એન.સી.પી.માં જોડાશે...?



રાજકારણમાં નેતારૂપી કાગડો એક ડાળીથી બીજી ડાળી ઉપર ક્યારે બેસી જાય તેનું કાંય કહેવાય નહીં. તાજેતરમાં જ સમાચાર આવી રહ્યા છે કે ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન શંકરસિંહ વાઘેલા કોંગ્રેસ છોડી એન.સી.પી.માં જોડાઇ રહ્યા છે. માધ્યમોમાં વહેતા થયેલા અહેવાલ અનુસાર એવું જાણવા મળે છે કે આગામી ૨૩ ઓગષ્ટે અમદાવાદમાં એક વિશાળ સંમેલન યોજી શંકરસિંહ વાઘેલા પોતાના સમર્થક કાર્યકર્તા અને પોતાના વિશ્વાસુ સાથીઓ સાથે શરદ પવારની નેશનલ કોંગ્રેસ પાર્ટીમાં વિધિવત જોડાવાના છે.

આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના અને કપડવંજની બેઠક ઉપર કોંગ્રેસની ટીકીટ ઉપર સતત બે ટર્મથી ચૂંટાતા મણીભાઇ પટેલ શંકરસિંહ વાઘેલાના ખાસ વિશ્વાસુઓ માંના એક છે. શંકરસિંહ વાઘેલા જ્યારે ભાજપમાં હતા ત્યારે અને રાષ્ટ્રીય જનતા પાર્ટી બનાવી ત્યારે પણ મણીભાઇ શંકરસિંહ બાપુ સાથે વફાદારી નિભાવી સાથે રહ્યા હતા. શંકરસિંહ કોંગ્રેસમાં જોડાયા ત્યારે પણ તેઓ બાપુની સાથે રહ્યા હતા. હવે પ્રશ્ન એ થાય છે કે શંકરસિંહ હવે એન.સી.પી.માં જોડાવા જઇ રહ્યા છે. ત્યારે શું મણીલાલભાઇ પણ બાપુની સાથે સાથે એન.સી.પી.માં જોડાઇ જશે? કે પછી કોંગ્રેસને વફાદાર રહેશે...? મણીલાલભાઇની રાજકીય કારકિર્દી જોતા એવું જણાય છે કેતેઓ હંમેશા તેમના રાજકીય ગુરૂ અને રાજકીય ગોડફાધર શંકરસિંહને વફાદાર રહ્યા છે.

શું તમે જાણો છો....?

આ રીતે બને છે ટુથ-પેસ્ટ...

ટુથ-પેસ્ટ બનાવટમાં અને ચીજોનો ઉપોગ થાય છે, પરંતુ તેમાં સૌથી મહત્ત્વપૂર્ણ હોય છે ફ્લોરાઇડ જે કીટાણુંઓથી દાંતોની રક્ષા કરે છે. કેલ્શિયમ ફોસ્ફેટ, એલ્યુમિના, કેલ્શિયમ કારબોનેટ અને સિલિકા કે જે દાંતોની સફાઇ કરે છે અને સોડિયમ લોરિલ સલ્ફેટ જે ફીણ ઉત્પન્ન કરે છે. આ ઉપરાંત ટુથ પેસ્ટને નરક રાખવા માટે ગ્લિસરિન, સોરબિટલ અને પાણી ઉમેરવામાં આવે છે અને ટુથ પેસ્ટ લાંબા સમયથી સુધી ખરાબ ન થઇ જાય એ માટે તેમાં પ્રિઝર્વેટિવ્સ ઉમેરવામાં આવે છે. આ ઉપરાંત સ્વાદ અને રંગ માટે અલગ અલગ તત્ત્વો ઉમેરવામાં આવે છે.

હરદા ખાતે ફૂલ બોડી ચેક આપ કેમ્પ યોજાયો

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ, મધ્ય પ્રદેશ ઝોનની પ્રેરણાથી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ, હરદા હેઠળ નવ યુવક મંડળ, હરદા દ્વારા સમગ્ર કેમ્પનું આયોજન તા. ૨૫-૬-૧૧ થી ૨૬-૬-૧૧ ના રોજ સમાજવાડી ભવન, હરદા ખાતે રાખવામાં આવેલ.

કેમ્પની શરૂઆત પહેલા મહેન્દ્રભાઇ સેંગાણીના માર્ગદર્શન હેઠળ માતાની છબી આગળ મધ્યપ્રદેશ યુવા સંઘના ઉપપ્રમુખ શ્રી દેવેન્દ્ર ભાદાણી તથા મહામંત્રી શ્રી રંજનીકાન્ત મેઘાણી દ્વારા દીપ પ્રાગટ્ય કરી કેમ્પની શરૂઆત કરેલ. ઉપરોક્ત સમારંભમાં કચ્છ કડવા પાટીદાર સમાજ, હરદાના ઉપપ્રમુખશ્રી રતનશીભાઇ ભાદાણી, મહામંત્રીશ્રી દેવજીભાઇ ભગત, સહમંત્રી કરમશીભાઇ, ખજાનચી શ્રી કાન્તીલાલ સોમજીઆણી તથા યુવક મંડળ, હરદાના પ્રમુખશ્રી દેવેન્દ્ર ભાદાણી, મહામંત્રી ભરત નાથાણી, ઉપપ્રમુખશ્રી પ્રવીણ સોમજીઆણી તથા કારોબારી સદસ્ય તથા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતિ ચંદ્રિકાબેન પરસીયા, મહામંત્રી કુસુમબેન ભગત તથા કારોબારી સદસ્યો તથા સમાજના ભાઇઓ-બહેનોની વચ્ચે કેમ્પની શરૂઆત કરવામાં આવી હતી.

યુવાસંઘના મિશન ૨૦૨૦

: અહેવાલ :
ઇશ્વર ભાદાણી-હરદા

અંતર્ગત આરોગ્યની થીમ ઉપર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હેતુને સિધ્ધ કરવા માટે યુવાસંઘના સેન્ટ્રલી હેલ્થ એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટના કન્વીનર શ્રી મહેન્દ્રભાઇ સેંગાણી રેડ સ્વસ્તિક સોસાયટી, મુંબઇ અને ઇન્ડિયન કેન્સર સોસાયટી ટીમ સાથે હરદા આવેલ હતા.

તા. ૨૫-૬-૧૧ના પ્રથમ દિવસે ૧૫૧ વ્યક્તિઓનું બોડી ચેકઅપ કરવામાં આવેલ. અને બીજે દિવસે ૨૬-૬-૧૧ના રોજ ૧૨૮ વ્યક્તિઓનું ચેકઅપ કરવામાં આવેલ. હરદા ખાતે કુલ ૨૭૮ મેમ્બરો (ભાઇ-બહેનો)નું ચેકઅપ કરવામાં આવેલ. તેમાં ડોક્ટરો ૧૧ અને લેબ તથા સહાયક ભાઇઓ ૮ હતા. હરદા, ખિડકીયા, ખાતેગાંવ ભાઇ-બહેનોએ ચેકઅપ કરાવ્યું. તા. ૨૫-૬-૧૧ના રાત્રે કેન્સર ડોક્ટર દ્વારા પ્રોજેક્ટર સ્કીન દ્વારા કેન્સર વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. ડૉક્ટર દ્વારા સમાજના મેમ્બરોને સહયોગ પૂર્ણ આપ્યો. મહેન્દ્રભાઇ સેંગાણીએ યોગા તથા આપણા શરીરને કેમ સ્વસ્થ રાખવું તે માટે પ્રયોગ કરીને બતાવ્યા હતા. મહેન્દ્રભાઇ સેંગાણી તથા ડૉક્ટરોએ પણ કાર્યકર્તાનો આભાર માન્યો હતો. અને અભિનંદન આપ્યા હતા.

સમગ્ર કેમ્પના આયોજનમાં સર્વશ્રી નવયુવક મંડળના પ્રમુખ શ્રી દેવેન્દ્ર ભાદાણી, ઉપપ્રમુખશ્રી પ્રવીણ સોમજીઆણી, મહામંત્રી ભરત નાથાણી, ખજાનચી દીપક ભગત તથા કારોબારીના સર્વ મેમ્બરોએ જહેમત ઉઠાવી હતી.

તા. ૨૬-૬-૧૧ના સાંજના કેમ્પ પૂર્ણ થતા ઇટારશી જવા માટે પૂરી ટીમને મોકલવા યુવક મંડળના પદાધિકારી ઇટારસી સુધી મૂકવા ગયા હતા. ૨૭-૬-૧૧ના રોજ ઇટારશી કેમ્પનું આયોજન થયું હતું. ત્યારબાદ જબલપૂર કેમ્પ બે દિવસ માટે રાખવામાં આવેલ હતો.

મહાકૌશલ ઝોન (મ.પ્ર.)ની નવ નિર્વાચિત કારોબારી

• જબલપુર પાટીદાર ભવનમાં તા. ૧૭-૭-૨૦૧૧ના રોજ રવિવાર સવારે ૧૦ વાગે મહા કૌશલ ઝોનની આગામી ત્રણ વર્ષ માટેની નવી કારોબારીની રચના કરવામાં આવેલ. જેમાં ઝોનથી પધાયેલ મેહમાનો જબલપુર સમાજની ત્રણેય પાંખોના પદાધિકારિઓ તેમજ સમાજના ટ્રસ્ટીઓ ઉપસ્થિત હતા.

પહેલા સત્રમાં રજૂ કરેલ પોતાના વિચારો જબલપુર સમાજના પ્રમુખ અને મહાકૌશલ ઝોનના મહામંત્રી શ્રી શાંતિભાઇ એ સદનમાં બેઠેલા સર્વે ભાઇઓનું હાર્દિક સ્વાગત કર્યું અને જુના પદાધિકારીઓને મંચાસિન કરાવ્યા બાદ માઁ ઉમિયાનો દીપ પ્રાગટ્ય કર્યો. ત્યાર બાદ ઝોનના પ્રમુખશ્રી રમણભાઇએ ત્રણ વર્ષની અંતર્ગત થયેલી ગતિવિધિઓ વિશે જણાવ્યું.

ઉપપ્રમુખશ્રી લખમશીભાઇ ઝોનની તેમજ કારોબારીની સરાહના કરી. ઉપપ્રમુખ ઇશ્વરભાઇ એ બે સત્ર પૂર્ણ થતા અત્યાર સુધીના પોતાના વિચારો જણાવ્યા. મંત્રી શ્રી વસંતભાઇ એ પોતાના વિચારમાં કયુ ઝોન બનવાથી કેન્દ્રીય સમાજથી જોડવાથી નાના ૨ ગામોના લોકોને થતા લાભ વિશે જણાવ્યું. મહામંત્રી શ્રી શાંતિભાઇએ બધા સમાજના ઝોન કરતા આપણો મહાકૌશલ ઝોન સૌથી નાનો અંતે સક્રિય છે. ભવિષ્યમાં ઝોનની મહતા વધશે. કોષાધ્યક્ષ શ્રી સંતોષભાઇએ પાછલા ત્રણ વર્ષનો આવક અને વાજકનો હિસાબ જણાવ્યો અને આવતા વર્ષમાં વધારો થાય એવી અપેક્ષા કરી.

: અહેવાલ :
મીનાબેન સંતોષભાઇ સામાણી

અંતમાં ઝોનના પ્રમુખશ્રી રમણભાઇએ આભાર વ્યક્ત કરતા તેને વિસર્જિત કરીને દરેક ગામોથી પધારેલ પ્રતિનિધિઓને નવી કારોબારીની રચના કરવા નિવેદન કરેલ.

બીજા સત્રમાં મહાકૌશલ ઝોનની આગામી ત્રણ વર્ષ માટેની નવ નિર્વાચિત કારોબારીની રચના આ પ્રમાણે છે : પ્રમુખ- શ્રી લખમશીભાઇ તેજાભાઇ પોકાર-સામર, ઉપપ્રમુખ - (૧) શ્રી શાંતિભાઇ ગંગારામભાઇ નાકરાણી-જબલપુર, (૨) શ્રી ઇશ્વરભાઇ લાલજીભાઇ કાર્ણાવત-બાલાઘાત, મહામંત્રી - શ્રી દિનેશભાઇ દાનાભાઇ-સાકરિયા-સાગર, મંત્રી - (૧) શ્રી વસંતભાઇ વેલજીભાઇ મા[illegible]ણી-સબના, (૨) શ્રી સંતોષભાઇ દાનાભાઇ સામાણી-જબલપુર, કોષાધ્યક્ષ - શ્રી દલસુખભાઇ વાલજીભાઇ દીવાણી-સાગર, સહકોષાધ્યક્ષ - શ્રી સુરેન્દ્રભાઇ નાનજીભાઇ દીવાણી-જલબપુર.

કારોબારી સભ્યો : શ્રી દશરામભાઇ મનીભાઇ પોકાર-જબલપુર, શ્રી માણીલાલ શિવજીભાઇ દીવાણી-જબલપુર, શ્રી નરોત્તમભાઇ કરમશીભાઇ ઠાકરાણી-જબલપુર, શ્રી શીવજીભાઇ જેશીંગભાઇ સામાણી-જબલપુર, શ્રી ખીમજીભાઇ નાનજીભાઇ ચૌહાણ-સાગર, શ્રી હંજરાજભાઇ ભાણજીભાઇ સાકરિયા-સાગર, શ્રી દિનેશભાઇ [illegible]ભાઇ પોકાર-સાગર, શ્રી કાંતિલા[illegible] ખીમજીભાઇ સુરાણી-કટની, શ્રી અંબાલાલ ખલમશીભાઇ નાકરાણી-મેંદર, શ્રી વીરેન્દ્રભાઇ દેવશીભાઇ-સાંખલા-ઇલાહાબાદ, શ્રી સોમજીભાઇ અરજણભાઇ સાકરિયા-બનારસ, શ્રી જયંતિભાઇ ખેતાભાઇ રંગાણી-પરસોના. **મહિલા કારોબારી સભ્યો** : શ્રીમતિ મીનાબેન સંતોષભાઇ સામાણી-જબલપુર, શ્રીમતિ ચંપાબેન

ગોર્વધનભાઈ પોકાર-જબલપુર, શ્રીમતિ માણીબેન ચુનીભાઈ સાકરિયા-સાગર, શ્રીમતિ મંગલાબેન લખમશીભાઈ પોકાર-સાગર.

પ્રથમ નવા મંચાસીન પદાધિકારીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યાર બાદ પ્રમુખશ્રી લખમશીભાઈ એ હર્ષની લાગણી વ્યક્ત કરતા કહ્યું કે આપણે ઝોનની માહિતી પત્રનું વિમોચન, આવો વડીલો તમારા બાગ પગથી અત્યાર સુધીના સંસ્મરણો જેવા વડીલોના પ્રોગ્રામ તેમજ પ્રથમ સ્વર્ણિમ મહોત્સવને જોર-શોરથી ઉજવનાર જેવી ઉપલબ્ધિઓ આ ઝોને હાસિલ કરી છે. અને આગળ અ.ભા.ક.ક. પાટીદાર સમાજની આવતી ગતિવિધિઓમાં આપણે યથા શક્તિ ભોગ આપીશું.

ઉપપ્રમુખ શાંતિભાઈ એ ૬ વર્ષ મહામંત્રી પદ સંભાળેલ. પોતાના ભાર નવા મહામંત્રી દિનેશભાઈને સોપ્યો. ઉપપ્રમુખ ઈશ્વરભાઈ સતત ત્રીજી વાર આ પદે નિયુક્ત થશે. તેને હું સારી રીતે નિભાવીશ. મંત્રી વસંતભાઈ કેન્દ્રીય સમાજથી બે વર્ષ પરિપત્રો આવશે તેમાં સર્વેનો સહકારથી પૂર્ણ રૂપે પાર પાડીશ. મંત્રી સંતોષભાઈએ પોતાના કોષાધ્યક્ષની જવાબદારી નવા કેશીયર દલસુખભાઈને સોંપી. કોષાધ્યક્ષ દલસુખભાઈ : "આપ સર્વેના સહયોગથી આ કાર્યને પાર પાડીશ અને આવકમાં વધારો થાય એવી ખાતરી આપી." સહકોષાધ્યક્ષ શ્રી સુરેન્દ્રભાઈ "જે મને પદ મળ્યું છે એમાં હું તન મનથી ભોગ આપીશ." સદસ્યો મીનાબેન સંતોષભાઈ સામાણી, ચંપાબેન ગોર્વધનભાઈ પોકાર, માણીબેન ચુનીભાઈ સાકરિયા, શિવજીભાઈ સામાણી, પ્રવીણભાઈ છાભૈયા, નવીનભાઈ ભિમાણી આ સર્વે પદાધિકારીઓ એ બધાઈ અને શુભકામના આપી હતી. અંતમાં સંચાલન કર્તા સમાજના પ્રમખ અને ઝોનના ઉપપ્રમુખ શાંતિભાઈએ ભોજનનું ભાવભર્યું આમંત્રણ આપી સભાનું સમાપન કર્યું.

પાટીદાર મહિલા મંડળ જબલપુરમાં તા. ૨૦-૭-૨૦૧૧ના બુધવારના રોજ સમાજની બહેનોને કોન પેટિંગ શિખવાડવામાં આવેલ. જેમાં થાળી, વાટકી, દિવો, કલશ, શો-પીસ, ચાંકડા, તોરણ આ બધી આઈટમોમા કોન પેટિંગ કેવી રીતે કરાય, કેમ એના કલબ બનાવાય આ બધુ શિખવાડવામાં આવેલ. જેમાં સમાજની ૫૫ બહેનોએ ભાગ લીધો.

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ-કછલાલની નવીન કારોબારીની રચના

તા. ૧-૭-૨૦૧૧ના રાત્રે ૭-૩૦ કલાકે 'ઉમા ભવન' ખાતે મળેલ યુવક મંડળની જનરલ મિટીંગ યુવક મંડળના મંત્રી બીપીનભાઈ ચૌધરીએ સંબોધીને આ કારોબારીનો સમયગાળો પૂર્ણ થતો હોવાથી નવીન કારોબારીનો પ્રસ્તાવ મૂક્યો. નવીન કારોબારીની નીચે મુજબની વરણી સર્વાનુમતે કરવામાં આવી છે. પ્રમુખશ્રી હરીભાઈ રંગાણી-ક્રિષ્ના પ્લાય., ઉપપ્રમુખશ્રી મોહનભાઈ નાકરાણી-પ્રગતિ ટીમ્બર, મંત્રી શ્રી પરેશભાઈ સાંખલા-રામદેવ સો મીલ, સહમંત્રી : (૧) રાજુભાઈ છાભૈયા-ભવાની ટીમ્બર, (૨) ભરતભાઈ પોકાર-આશીષ ટીમ્બર. ખજાનચી : શ્રી ભગવાનદાસ પોકાર-શંકરવિજય સો મીલ, સાંસ્કૃતિક મંત્રી : જગદીશ સેંઘાણી-કૈલાષપતિ સો મીલ, પ્રવાસ મંત્રી : મુળજીભાઈ રવાણી-ઉમીયા ટીમ્બર, રમતગમત મંત્રી : શ્રી ભરતભાઈ ચૌધરી-પરિવાર ટ્રેડીંગની વરણી કરવામાં આવેલ.

કારોબારીની રચના બાદ વર્તમાન પ્રમુખ નરેન્દ્ર ભાવાણી અને મંત્રી બીપીનભાઈ ચૌધરીએ ગત બે વર્ષ દરેક સભ્યોનો સારો સહકાર મળેલ અને આવતા બે વર્ષ આનાથી પણ વધારે સહકાર નવી કારોબારીને મળે તેવી ઇચ્છા સાથે બીપીનભાઈ ચૌધરીએ આ મીટીંગને સમાપ્ત જાહેર કરેલ.

જબલપુર સમાજ દ્વારા વૃક્ષારોપણ

તા. ૧૦-૭-૧૧ના દિવસે સ્થાનીય જબલપુર સમાજ ભવનમાં જનરલ સભા રાખવામાં આવેલ. જેમાં જબલપુર શહેરના મેયર શ્રી પ્રભાત સાહુને સમાજના મંત્રી શ્રી સંતોષભાઈ દ્વારા મંચાસીન કરવામાં આવેલ. ત્યાર બાદ સ્થાનીય પાર્ષદ મહોદય શ્રીમતિ યામિની સિંગને મંચાસીન કરેલ. ત્યાર બાદ સમાજના પ્રમુખશ્રી શાંતિભાઈ નાકરાણીએ તથા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ મીનાબેન સામાણીને મંચાસીન કરી યુવક મંડળના પ્રમુખશ્રી પ્રવીણભાઈ છાભૈયાને મંચ ઉપર આમંત્રિત કરેલ. ત્યાર બાદ સ્વાગતની કડીમાં સમાજના પ્રમુખ દ્વારા મેયરશ્રીનું સ્વાગત કર્યું. મહિલા મંડળના પ્રમુખ દ્વારા પાર્ષદ મહોદયાનું સ્વાગત કરેલ. ત્યાર બાદ કારોબારી દ્વારા

પ્રતિનિધિ,
પ્રવીણભાઈ છાભૈયા દ્વારા

અતિથિઓનું સ્વાગત કરવામાં આવેલ. મુખ્ય અતિથિ મેયરશ્રી દ્વારા વૃક્ષારોપણનું કાર્યક્રમ સમાજ વાડી તથા બહાર વૃક્ષ વાવીને કરવામાં આવેલ. સાથે સાથે અતિથિઓ દ્વારા પણ અનેક વૃક્ષ લગાવવામાં આવેલ. સમાજના પ્રમુખશ્રીએ પર્યાવરણને સાચવવા પોતાના અનુભવો જણાવેલ. પાર્ષદ મહોદયાએ પણ પોતાના વિચારોથી સભાને સંબોધિત કરેલ. મુખ્ય અતિથિ દ્વારા સમાજ સાથે જબલપુર શહેરને કેવી રીતે નગર નિગમ વૃક્ષારોપણ કરે છે અને બીજારોહણ કરે છે, તેની જાણકારી આપેલ. અને વૃક્ષો ને લગાવવા નિઃશુલ્ક પૌધા આપવામાં આવે છે, એવું જણાવેલ. પર્યાવરણને શુધ્ધ કેવી રીતે રાખવું તેના ઉપર વિચાર રાખેલ. સ્વલ્પાહાર બાદ સભા સમાપ્તીની ઘોષણા સંતોષભાઈ સામાણી દ્વારા તથા સભાનો સંચાલન કરવામાં આવેલ.

મહેસાણા ખાતે યોજાયેલ વાર્ષિક સભામાં ઉ.ગુ. ઝોનના નવા હોદ્દેદારોની વરણી

ગત તા. ૨૧-૭-૨૦૧૧ના રોજ મહેસાણાના મોઢેરા રોડ ઉપર આવેલ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજવાડી ખાતે ઉત્તર ગુજરાત ઝોન સમાજની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં આગામી ત્રણ વર્ષ માટે હોદ્દેદારો અને કારોબારી સભ્યોની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી. નવા નિમાયેલ હોદ્દેદારોની વિગત નીચે મુજબ છે.

પ્રમુખ : શ્રી મોહનભાઈ રામાણી (મહેસાણા), ઉપપ્રમુખ : લખમશીભાઈ સાંખલા (કલોલ), રવજીભાઈ હળપાણી (વિસનગર), પ્રેમજીભાઈ (વાવ-સતલાસણા), મંત્રી : શ્રી ઘનશ્યામભાઈ (વિસનગર), સહમંત્રી : નરસીંહભાઈ સેંઘાણી (માણસા), ખજાનચી : રમેશભાઈ પોકાર (વિજાપુરા), સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિનેશભાઈ મૈયાતે કર્યું હતું.

યુવાસંઘના ઉત્તર ગુજરાત રીજીયનની વાર્ષિક સામાન્ય સભા કલોલ ખાતે યોજાઈ

ગત તા. ૨૮-૭-૨૦૧૧ના રોજ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજવાડી, કલોલ ખાતે યુવા સંઘના ઉત્તર ગુજરાત રીજીયનની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી.

સૌ પ્રથમ મંચ ઉપર સ્થાન ગ્રહણ કરી પ્રાર્થના કરી સભાની શરૂઆત કરવામાં આવી હતી. કેન્દ્રીય યુવા સંઘના હોદ્દેદાર અને ઉત્તર ગુજરાત રીજીયનના સલાહકાર દિનેશભાઈ મૈયાતે પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યું હતું. ત્યાર બાદ સહમંત્રી દ્વારા ગત મીનીટ્સનું વાંચન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ખજાનચી બાબુભાઈ ભીમાણીએ વાર્ષિક હિસાબો રજૂ કર્યા હતા. ઉપપ્રમુખ ધીરજ માંકાણીએ આવેલ પત્રોનું વાંચન કર્યું હતું. ત્યાર બાદ ઉપસ્થિત દરેક યુવા મંડળના સભ્યોએ પોતપોતાના યુવા મંડળોમાં વર્ષ દરમીયાન થયેલ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. વિવિધ સમિતિઓએ પણ પોતપોતાની સમિતિનો અહેવાલ આપ્યો હતો. ત્યારબાદ ખુલ્લા મંચમાં ઉપસ્થિત સભ્યોએ રીજીયનના વિકાસ માટે પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. સતપંથ-સનાતન વિવાદને પગલે છેલ્લા એક વર્ષથી ગેરહાજર રહેલ ઉત્તર ગુજરાત રીજીયનના ભૂતપૂર્વ પ્રમુખ અને વર્તમાન આઈપીપી ધીરજભાઈ નાકરાણી (વીજાપુરા) પણ ઉપસ્થિત રહ્યા હતા. અંતે પ્રમુખશ્રી શાંતિલાલ ગોગારી એ પોતાના ઉદ્‌બોધનમાં યુવા મંડળોને રીજીયનના કાર્યોમાં રસ લઈ સક્રિય થવા જણાવ્યું હતું. પ્રવક્તા બ્રિજેશ ભાવાણીએ આભારવિધિ કરી હતી તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન પણ કર્યું હતું.

નંદાસણ-કડીના અગ્રણી પચાણભાઈ માકાણીનું દુઃખદ નિધન



કચ્છમાં ગડુલીના અને ધંધાર્થે વર્ષોથી નંદાસણ-કડીમાં સ્થાઈ થયેલ સ્વ. પચાણભાઈ હરજીભાઈ માંકાણીનું ગત તા. ૧૬-૭-૧૧ના રોજ ૭૫ વર્ષની વયે લાંબી માંદગીને અંતે દુઃખદ નિધન થયેલું છે. પ્રહલાદભાઈના ઉપનામથી જાણીતા પચાણભાઈ ધાર્મિક વૃત્તિના અને પરોપકારી સ્વભાવના હતા. પચાણભાઈ વિવિધ સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓમાં ટ્રસ્ટી રહી ચૂકયા છે. કલોલ ખાતે દર વર્ષે યોજાતા સમૂહલગ્ન સમિતિમાં પણ તેઓ ઉચ્ચ હોદ્દા ઉપર સેવા આપી ચૂકયા છે. માદરે વતન કચ્છ ઘડુલી સમાજના કાર્યોમાં પણ તેઓ તન-મન-ધનથી સેવા આપતા. તેઓ ઘણા વર્ષોથી કેન્સરની બિમારીથી ગ્રસ્ત હતા. મજબૂત મનોબળને કારણે તેઓ આવી ગંભીર બિમારીમાં પણ હસતા હસતા જીવન જીવતા હતા. તેમના આવા દુઃખદ નિધનથી સ્થાનિક નંદાસણ તેમજ કડી સમાજમાં તથા ઉત્તર ગુજરાતના પાટીદારોમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. પરમાત્મા સદ્‌ગતના આત્માને પરમગતિ આપે તેવી પ્રાર્થના...

ક.ક.પા. સમાજનું ગૌરવ

આ વર્ષે ક.ક.પા. સમાજના ત્રણ વિદ્યાર્થી સી.એ. થયા

નડિયાદ સમાજનું ગૌરવ : હિરેન સાંખલા પ્રથમ પ્રયાસે સી.એ. થયા

ગત મે-૨૦૧૧માં ઇન્સ્ટીટ્યુટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઑફ ઇન્ડિયા દ્વારા લેવાયેલ સી.એ. ફાઇનલની પરીક્ષામાં શ્રી ઉદ્યોગનગર કડવા પાટીદાર સનાતન સમાજન, નડિયાદના શ્રી વસંતભાઈ સામજીભાઈ સાંખલા (કચ્છમાં ઘડુલી)ના પુત્ર હિરેન સાંખલા પ્રથમ પ્રયાસે સી.એ. થયા છે.



કહેવાય છે કે પરિશ્રમ એ જ પારસમણી છે. શરૂઆતથી જ ભણવામાં તેજસ્વી એવા હિરેન ધો. ૧૦માં ૭૪% અને ધો. ૧૨ (વાણિજ્ય પ્રવાહ)માં ૮૧% મેળવ્યા હતા. ધો. ૧૨ પછી બી.કૉમ.માં એડમીશન લઇ સાથે સાથે સી.એ.ની તૈયાર ચાલુ કરી દીધી હતી. આ માટે હિરેને ચાર વર્ષ સુધી નડિયાદના સી.એ. વિશાલ શાહની ઓફીસમાં આર્ટીકલશીપ કરી હતી. બી.કોમ. અને સી.એ. બંનેને ન્યાય આપવો જરૂરી હતો. આથી હિરેન દરરોજ પાંચથી છ કલાક અભ્યાસ કરતા અને સી.એ.ની ફાઇનલ પરીક્ષા દરમિયાન ભૂખ-તરસની પરવાહ કર્યા વગર ૧૫ થી ૧૬ કલાલ તનતોડ મહેનત કરી હતી. સંયુક્ત કુટુંબમાં રહેતા હિરેનના દાદા સામજીભાઈ, માતા, વિમળાબેન, પિતા વસંતભાઈ, કાકા રવિન્દ્રભાઈ, કાકી મીનાબેન પોતે સંજોગો વસાત ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકયા ન હોતા પરંતુ તેમના સંતાનો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે તેવો તેમનો ખાસ આગ્રહ હતો. આથી તેઓ તેમના સંતાનોને સતત માર્ગદર્શન અને પ્રેરણા આપી ઉત્સાહ વધારતા રહે છે. હિરેનના મોટાભાઈ ધવલ એમ.બી.એ. થયેલ છે જ્યારે નાનો ભાઈ વિશાલ હાલ બી.ફાર્મ કરી રહ્યો છે તથા વિકાસ બી.કોમ. વીથ સી.એસ. કરી રહ્યો છે.

પોતાની જ્વલંત સફળતાનો શ્રેય આતા હિરેન જણાવે છે કે, ''માતા-પિતા અને પરિવારજનોના સાથ-સહકાર અને આશિર્વાદ સિવાય આટલે પહોંચવું શકય નહોતું. **'સફળતાનો કોઇ સોર્ટકટ નથી'** એ વાત હું જાણું છું અને માનું છું. આથી મેં શરૂઆતથી જ સખત મહેનત કરવાનો દૃઢ નિર્ણય કર્યો હતો. પોતાની જાત પર વિશ્વાસ અને પરમાત્મા પર શ્રધ્ધા રાખી પોતાના લક્ષ્ય તરફ પ્રયાણ કર્યું અને મને તેનું ફળ મળ્યું. આ પ્રસંગે હું **શ્રી ઉદ્યોગ નગર કડવા પાટીદાર સનાતન સમાજ, નડિયાદ** મને અહિં સુધી પહોંચવા વખતો વખત પ્રોત્સાહિત કરવા બદલ તેમનો પણ આભાર વ્યક્ત કરું છું તથા જેમને ત્યાં મેં ચાર વર્ષ સુધી આર્ટીકલશીપ કરી તે સી.એ. વિશાલ શાહ સરનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું.''

સી.એ. બનવા માંગતા વિદ્યાર્થીઓને સફળતા મેળવવા

માટે હિરેન જણાવે છે કે, ''ગભરાઈ જઈને એકદમ સખત મહેનત કરવાની જરૂર નથી. સી.એ.માં ઉત્તીર્ણ થવા માટે આયોજનપૂર્વકની મહેનત જરૂરી છે. ટૂંકમાં **હાર્ડવર્ક નહીં પરંતુ સ્માર્ટવર્ક** જરૂરી છે. યોગ્ય માર્ગદર્શન મેળવી આયોજન પૂર્વકની તૈયારથી સી.એ.માં ઉત્તીર્ણ થવું આસાન થઈ જાય છે. હિરેને સી.એ.ના અભ્યાસ દરમીયાન કોઈ પણ જાતનું ટ્યુશન રાખ્યું નહોતું. તેઓ વગર ટ્યુશને જાત-મહેનતથી સી.એ. ફાઈનલમાં પ્રથમ પ્રયાસે પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા છે.''

હિરેન સાંખલા ઉત્તરોત્તર પ્રગતિ કરી પરિવાર તેમજ સમાજનું ગૌરવ વધારતા રહે તેવી શુભકામના...

નોંધ : સી.એ.ની પરીક્ષા અંગેના કોઈપણ પ્રકારના માર્ગદર્શન માટે હિરેન વી. સાંખલાનો કોઈપણ જ્ઞાતિજનો સંપર્ક કરી શકે છે. મો. ૯૪૨૮૧૫૩૯૫૫, ઈ-મેલ : thehiren@yahoo.com

સરનામું : શ્રી શીવ ટીમ્બર માર્ટ, જીઆઈડીસી ભાગ-૨, કમલા, પો. ડભન, નડિયાદ, ખેડા (ગુજરાત)-૩૮૭૩૨૦

વડોદરા સમાજનું ગૌરવ

કુ. તારા અમૃતલાલ પારસિયા પ્રથમ પ્રયાસે સી.એ. થયા



વડોદરા રહેતા અમૃતલાલ પારસીયાની પુત્રી તારા એ નવેમ્બર-૨૦૧૦માં લેવાયેલ સી.એ.ની ફાઈનલ પરીક્ષા પ્રથમ પ્રગયાસે ઉત્તીર્ણ કરેલ છે. કુ. તારા નાનપણથી જ ભણવામાં હોશીયા છે. અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિમાં પણ તારા હંમેશા મોખરે રહે છે. ચાર્ટડ એકાઉન્ટન્ટની પ્રથમ પરીક્ષામાં ભારતભરમાં ૨૪ ક્રમાંક અને રાજ્યમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. કુ. તારા હાલમાં એક વ્યવસાયીક ફાર્મમાં ચાર્ટડ એકાઉન્ટન્ટ તરીકે સેવા આપી રહ્યા છે. ૨૨ વર્ષની ઉંમરે પ્રથમ પ્રયાસે સી.એ. થનાર કુ. તારાને 'પાટીદાર બંધુ' ના ખૂબ ખૂબ અભિનંદન... કુ. તારા એ સી.એ. થઈને સાબિત કરી દીધું છે કે પાટીદાર કન્યા પણ દિકરા કરતા જરાપણ ઉણી ઉતરે તેવી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે કુ. તારાનો પરિવાર કચ્છમાં નાના અંગિયાં ગામનો છે.

મુંબઈ સમાજનું ગૌરવ

મુંબઈના રોહિત નવીનભાઈ પાચાણ સી.એ. થયા



થાણા (મુંબઈ)માં રહેતા નવીનભાઈ ગોવિંદભાઈ પાચાણીના પુત્ર રોહીત પાચાણીએ નવેમ્બર-૨૦૧૦માં લેવાયેલ આઈ.સી.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ જ્વલંત સફળતા મેળવી પરિવાર તેમજ સમાજનું નામ રોશન કરેલ છે. રોહત પાચાણીનો પરિવાર કચ્છમાં નખત્રાણાનો છે.

ધો. ૧૨ સાયન્સમાં ૯૭.૧૮ ટકા



મોડાસા નિવાસી ગોવિંદભાઈ છાભૈયાના પુત્ર રોહીત એ ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ૯૭.૧૮ ગુણ પ્રામ કરી જ્વલંત સફળતા મેળવી છે. રોહીત ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામના સાથે અભિનંદન...

ઘડાણીમાં પૂજ્ય સુરધન પરબતબાપા સનાતન પોકાર પરિવારમાં બહોળી સંખ્યામાં માણસો ઉમટચા

વૈદિક મંત્રોચાર દ્વારા સંપન્ન થયેલ ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ

સમગ્ર ભારતભરના પૂજ્ય પરબતબાપા સનાતન પોકાર પરિવારના ભાઈ બહેનો આતુરતા પૂર્વક જેની રાહ જોતા હતા તે પૂજ્ય પરબતબાપાનો ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧-૭-૨૦૧૧થી તા. ૩-૭-૨૦૧૧ દરમ્યાન બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી સંપન્ન થયો. વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ પાર પડ્યો.

તા. ૧-૭-૨૦૧૧ના રાત્રે ૯-૦૦ કલાકે મહોત્સવના પ્રમુખશ્રી રામજી માવજી બાથાણી (કોટડા ભીવંડી) એ કુળદેવી ઉમિયા માતાજી સમક્ષ દીપ પ્રગટાવી કાર્યક્રમના શ્રી ગણેશ કર્યા. આ સમયે ઉમિયા માતાજીની જય અને સત્ય સનાતન ધર્મની જયથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. સર્વપ્રથમ નીચે મુજબ ચઢાવા (ઉછામણી) લેવામાં આવ્યા.

(૧) મુખ્ય યજમાન : શ્રી ભગવાનદાસ જીવરાજ રતનાણી (ગામ ઘડાણી હાલ મુ. નાગપુર) રૂા. ૨,૨૨,૨૨૨/-, (૨) સહ યજમાન : ઘડાંણી ઝાંપાવાળા રતનાણી પરિવાર રૂા. ૬૧,૬૬૬/-, (૩) સહ યજમાન : ઘડાણી કેસરાણી પરિવાર રૂા. ૬૧,૧૧૧/-, (૪) સહ યજમાન : રામજી માવજી બાથાણી (કોટડા-ભીવંડી) રૂા. ૫૧,૦૦૦/-, (૫) સહ યજમાન : ઘડાણી કેસરાણી પરિવાર રૂા. ૪૧,૦૦૦/-, (૬) ધજા ચઢાવવાના : નાનજી હરજી પોકાર ઉખેડાવાળા રૂા. ૬૫,૫૫૫/-, (૭) લોક ડાયરો : વીરાણી બાથાણી પરિવાર રૂા. ૫૧,૦૦૦/-, (૮) સિંદુરચાવાઘા : નારાણ અરજણ તથા જશા અરજણ (ગામ : ઘડાણી હાલ મુ. હૈદરાબાદ) રૂા. ૮૫,૫૫૫/-, (૯) નીયાણી ભેટ : ઘડાણી કેસરાણી પરિવાર રૂા. ૬૧,૦૦૦/-, (૧૦) મંડળ : ખીમજી રતનશી તથા દેવજી કાનજી (ગામ : હરિપર હાલ મુ. કલ્યાણ) રૂા. ૪૧,૧૪૧/-

આ સિવાય અલગ અલગ સમયના ભોજન તેમજ પીવાના પાણીના દાતાઓએ સારો ઉત્સાહ દાખવી યથાશક્તિ દાન આપ્યું. તેમાં મુખ્યતઃ (૧) રૂા. ૧,૧૧,૧૧૧/- લધ્ધા વિશ્રામ રતનાણી પરિવાર રવાપર, (૨) રૂા. ૫૧,૦૦૦/- રતનસી દેવજી કેસરાણી પરિવાર ઘડાણીવાળા (ચંદ્રપુર-સુરત), (૩) રૂા. ૩૧,૦૦૦/- ખીરસરા બાથાણી પરિવાર, (૪) રૂા. ૨૫,૧૦૦/- દાના સોમજી પરિવાર વીરાણી નાની (કોલ્હાપુર), (૫) રૂા. ૨૫,૦૦૦/- ઘડાણી કેસરાણી પરિવાર, (૬) રૂા. ૨૧,૦૦૦/- નેત્રા કેસરાણી પરિવાર, (૭) રૂા. ૨૧,૦૦૦/- રવાપર નવાવાસ પોકાર પરિવાર. ચઢાવા તેમજ દાન લેતી વખતે શ્રી વિસરામભાઈ રવાપરવાળા તથા શંકરભાઈ ઘડાણીવાળા (બંને સુરતી) એ પોતાની આગવી છટાથી

સભામંડળમાં ભારે ઉત્સાહ પેદા કર્યો

અષાઢ સુદ ૧ શનિવાર તા. ૨-૭-૨૦૧૧ના સવારના પાંચેય યજમાન યજ્ઞ મંડપમાં આવ્યા અને પૂજા હવન વિધી કરવામાં આવી. ત્યારે સભામંડળમાં આ મહોત્વમાં આપેલ દાનના દાતાઓનું સન્માન કરવામાં આવ્યું. જેમાં નાના દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું. બપોરના ૩ થી સાંજ સુધી યજ્ઞ મંડપમાં પૂજા હવન વિધી ચાલુ રહી. સાયં આરતી, થાળ કરવામાં આવ્યાં. આરતી તથા થાળ ઘડાણીવાળા નવીનભાઇ તથા ભકતોએ મળી ગાયેલ. બપોરના ૩ કલાકે સભા મંડપમાં પૂજ્ય બાપાની વહાલસોયી ૨૭૯ નિયાણીયું જે મહોત્સવમાં હાજર હતી તેમને સ્ટેજ ઉપર બોલાવી પરિવારની માતાઓ દ્રારા ભાવપૂર્વક સન્માન કરી ભેટ આપી. બપોર બાદ ખંડિત પાળીયાની ઉત્થાપન વિધી કરવામાં આવી. રાત્રે ૯-૦૦ કલાકે રાજેશ ગઢવી એન્ડ પાર્ટી દ્રારા લોક ડાયરો પ્રસ્તુત કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં પોકાર પરિવાર સહિત આજુબાજુના ગામ વાળાઓએ પણ ડાયરાને માણ્યો. ડાયરા દરમ્યાન ગોળની આવક થઇ તે ગાયોને ઘાસચારામાં વાપરવામાં આવી.

રવિવાર તા. ૩-૭-૧૧ સવારના ૯ કલાકે લીંબાણી પરિવારના પ્રમુખશ્રી અરવિંદભાઇ કરસનભાઇ લીંબાણી ઉર્ફે વેલુભાઇ તથા અન્ય લીંબાણી પરિવારના મહાનુભાવોએ અતિથી વિશેષ તરીકે હાજરી આપી કાર્યક્રમની શોભામાં અભિવૃધ્ધિ કરેલ. તેમનું પોકાર પરિવાર દ્રારા સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે વેલુભાઇએ પોકાર પરિવારને આર્શીવચન આપ્યા. અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદારના આદ્ય સુધારક અને આધુનિક ભગીરથ એવા પરમ પૂજ્ય નારાયણજી રામજી લીંબાણીની પ્રતિમાને માલ્યાર્પણ કરી તેઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરી, તેઓએ બતાવેલ માર્ગ ઉપર ચાલવા અપીલ કરી. લીંબાણી પરિવારના પ્રમુખશ્રીએ સતપંથી ભાઇઓ દ્રારા થતી કનડગત બારામાં જાણકારી આપેલ અને સાચા સનાતની થઇ સમાજને સહયોગ આપવા અપીલ કરેલ. નાગપુરથી પધારેલ ઘડાણીવાળા રમેશભાઇ સોમજીભાઇ લીંબાણીએ જણાવેલ કે ઘણા વર્ષોથી સતપંથી ભાઇઓના આપણા ઉપર ખોટા કેસ કરવા, ધરપકડ કરાવવી અને બીજા ઘણા પ્રકારે આપણને હેરાન પરેશાન કરતા આવ્યા છે. સનાતની ભાઇઓએ આજ સુધી સતપંથી ઉપર કોઇ કેસ કરેલ નથી. પરંતુ હવે સહનશકિતની હદ થાય છે. જેથી સનાતની ભાઇઓએ નક્કી કરેલ છે કે જ્યાં જરૂર જણાશે ત્યાં કાયદાનુસાર તેમના ઉપર પણ કાર્યવાહી કરવામાં આવશે. મહોત્સવના પ્રમુખશ્રી રામજીભાઇ એ પણ સતપંથીઓને પીરાણા પંથનો ત્યાગ કરી સમાજના સનાતન પ્રવાહમાં જોડાઇ જવા અપીલ કરેલ. આ કાર્યક્રમને વ્યવસ્થિત પાર પાડવા બદલ પ્રમુખશ્રીએ સર્વે કાર્યકર્તાનો આભાર માન્યો. ઘડાણી સત્યનારાયણ સનાતન સમાજના પ્રમુખ જીવરાજભાઇ રંગાણી તથા ગામના સરપંચશ્રી વિનોદપુરી ગોસ્વામીનું પણ સન્માન કરવામાં આવ્યું.

તા. ૩-૭-૧૧ના સવારના યજ્ઞમંડપમાં સ્થાપિત દેવોનું હવન, ધજા ચઢાવવી, મૂર્તિ પૂજા, સિંદુર વસ્ત્ર, મૂર્તિભાવ

પ્રતિષ્ઠા કરવામાં આવી. પૂર્ણાહૂતિ બપોરનાં ૧૨-૩૦ કલાકે થઇ. બાપાને નૈવેધ્ય પ્રસાદી ધરાવી આરતી તથા થાળ કોટડાવાળા બાબુભાઇએ પોતાના મધુર કંઠમાં ગાયેલ ત્યારે સમગ્ર વાતાવરણ ભકિતમય બની ગયું હતું. ત્યારબાદ સર્વે પ્રથમ નિયાણીઓ અને પછી પોકાર પરિવાર તથા પધારેલ મહેમાનોએ પ્રસાદ લીધો અને કાર્યક્રમ પૂર્ણ થયો. આ ત્રણ દિવસ દરમ્યાન ગાયોને ચારો નાખવામાં આવેલ. આ મહોત્સવમાં ૨૫ ગામના ૩૦૨ પરિવાર તથા ૧૧૭૦ની સંખ્યામાં ભાઇ-બહેનોએ ભાગ લીધો. બપોર પછી ખંડિત પાળિયાનું નારાયણ સરોવરમાં વિસર્જન કરવામાં આવ્યું. મળતી જાણકારી પ્રમાણે લગભગ ૩૦ ગામમાં પરબતબાપાને પૂજતા પોકાર પરિવારના ભાઇઓની વસ્તી છે. આધારભૂત માહિતી મુજબ પૂજ્ય પરબત બાપા સંવત ૧૮૬૪ ભાદરવા વદ ૮ સોમવાર તા. ૧૨-૯-૧૮૦૮ના ગામોની રક્ષા કરતાં ઘડાણી ગામે દેવલોક પામ્યા હતા. જેથી આ વર્ષે બાપાની ૨૦૩મી પૂણ્યતિથી ગણાય. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન રસોડા વિભાગ વીરાણીવાળા લખમશીભાઇ તથા ઘડાણીવાળા શંકરભાઇ કોટડાવાળા બાબુભાઇએ સંભાળેલ. પાણી પૂરવઠાની વ્યવસ્થા ગોવિંદભાઇ (ઘડાણી) અને શંકરભાઇ

(ઘડાણી-હિંમતનગર) એ સંભાળેલ. ઉતારાની વ્યવસ્થા વિનોદભાઇ (ઘડાણી) એ સંભાળેલ નાણાં સમિતિનું કાર્ય ખજાનચી ધરમશીભાઇ (ઘડાણી-વડોદરા)એ સંભાળેલ અને દિનેશભાઇ (ઘડાણી-પુના), શામજીભાઇ (રવાપર-તીરપુર) એ સહકાર આપ્યો. હવન પૂજન વિધી ઘડાણીવાળા નવીનભાઇ તથા શામજીભાઇ એ સંભાળેલ. બધી જ સમિતિનું કેન્દ્ર સ્થાન એવી કાર્યાલય સમિતિનું સંચાલન મહોત્સવના મંત્રી શ્રી ચંદુભાઇ (ઘડાણી-સુરત) એ સંભાળેલ અને તેમાં સહમંત્રી વિસરામભાઇ (રવાપર-સુરત), સહમંત્રી મગનભાઇ (ઘડાણી-કલોલ) તથા ચંદુભાઇ (વીરાણી) એ સારો સહયોગ આપ્યો. આ સિવાય ઘણા ભાઇઓએ દરેક કાર્યમાં સારો સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવેલ. સમય સમય પર મહોત્સવના પ્રમુખ તથા અન્ય કારોબારી સભ્યો સાથે ચર્ચા વિચારણા કરવાથી અને પૂજ્ય બાપાના આશીર્વાદથી સંપૂર્ણ કાર્યક્રમ વ્યવસ્થિત પૂર્ણ થયો. અંતમાં સનાતન ધર્મની જય બોલી સૌ ભાઇ-બ્હેનો છૂટા પડ્યાં.

અહેવાલ : નિતેશ પટેલ,
નાગપુર (ઇ-મેલ દ્વારા)

'પાટીદાર બંધુ'ના નવા નિમાયેલ માનદ પ્રતિનિધિઓ

(૧) ભાવાણી વસંતભાઇ એલ.-રાયપુર (C.G.)
મો. ૦૯૮૨૬૯ ૯૩૩૩૯

(૨) બાથાણી વિજયાબેન - રાયપુર (C.G.)
મો. ૦૯૪૨૪૨ ૦૪૨૪૧

(૩) માવાણી ભાવેશભાઇ ડી. - રાજકોટ
મો. ૦૯૮૭૯૬ ૪૯૯૧૨

(૪) ભાવાણી ભૂમિકાબેન કે. - જલગાંવ (M.S.)
મો. ૦૯૫૭૯૩ ૭૭૭૩૨

(૫) પોકાર ધિરજકુમાર એ. - ભંડારા (M.S.)
મો. ૦૯૮૨૨૫ ૭૯૬૪૭

(૬) લીંબાણી રસીકભાઇ ડી. - ભરૂચ
મો. ૦૯૮૨૪૧ ૪૮૨૦૨

(૭) ચૌધરી વિનોદભાઇ એમ. - બીલીમોરા
મો. ૦૯૮૨૫૨ ૭૨૫૭૭

(૮) પોકાર મુકેશભાઇ ડી. - ભટાર (સુરત)
મો. ૦૯૮૨૫૯ ૦૫૮૫૭

(૯) લીંબાણી,હર્ષિદાબેન બી. - ઇન્દોર (M.P.)
મો. ૦૯૪૨૫૦ ૫૩૯૭૨

(૧૦) ભાદાણી ઇશ્વરભાઇ એલ. - હરદા (M.P.)
મો. ૦૯૪૨૪૪ ૬૯૫૩૦

(૧૧) પોકાર હેમલતાબેન એમ. - નાગપુર (M.S.)
મો. ૦૯૯૬૦૩ ૦૨૦૧૮

(૧૨) ભગત પુનમબેન આર. - વલસાડ
મો. ૦૯૩૭૬૮ ૭૫૫૫૭

(૧૩) લીંબાણી રમેશભાઇ ડી. - દયાપર (કચ્છ)
મો. ૦૯૪૨૭૨ ૬૬૦૯૯

(૧૪) લીંબાણી સંજયભાઇ જી. - વિજાપુર
મો. ૦૯૮૨૫૨ ૫૫૪૦૫

(૧૫) પોકાર કિશોરભાઇ - ગોડાદરા (સુરત)
મો. ૦૯૮૨૫૭ ૬૨૮૨૩

(૧૬) પ્રવિણભાઇ છાભૈયા - જબલપુર (મ.પ્ર.)
મો.

જાહેરાત, સમાચાર, પ્રેસનોટ કે લવાજમ ભરવા માટે અમારા ઉત્સાહી માનદ્ પ્રતિનિધિશ્રીનો સંપર્ક કરવો.

શ્રી આન્ધ્રપ્રદેશ કચ્છ કડવા પાટીદાર સમાજની કારોબારી સભા યોજાઇ

અહેવાલ : કાંતિભાઈ પી. ગોરાણી-હૈદરાબાદ

અત્રે શ્રી આન્ધ્ર પ્રદેશ કચ્છ કડવા પાટીદાર સમાજની કારોબાર્રી સભા રવિવાર તા. ૨૪-૨-૨૦૧૧.ના પાટીદાર ભવન, લક્ષ્મીનગર કોલોની, હૈદરાબાદ મધ્યે સમાજનાં પ્રમુખશ્રી કરસન લધા દિવાણીના અધ્યક્ષ હેઠળ મળેલ. સૌ સભ્યોનું સ્વાગત મહામંત્રીશ્રી રામજી કેસરા રામાણી એ કરેલ. પ્રભુ પ્રાર્થના સાથે સભાની શરૂઆત કરવામાં આવેલ.

મંત્રીશ્રી કાંતિલાલ પ્રેમજી ગોરાણીએ ગત કારોબારી સભાની મિનીટ્સનું વાંચન કરેલ. જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ. અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણા મધ્યે ચાર સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ. સર્વશ્રી કરસન લધા દિવાણી-હૈદરાબાદ, રવજી મુળજી ચૌધરી-સિકંદરાબાદ, હંસરાજ કચરા દિવાણી-વિશાખાપટ્ટનમ, શવજી જીવરામ જાદવાણી-નિઝામાબાદ. એ.પી. વસ્તી પત્રક પ્રકાશન સમિતિનાં ચેરમેનશ્રી જીવરામ મનજી જળવાણી એ વિસ્તારથી અહેવાલ આપેલ. તેમજ નવે નવ ઝોનમાંથી પ્રત્યેક ફર્મના વિગતવાર ફોર્મ ભરાઇ આવી ગયેલ છે જેથી આન્ધ્ર વાસીઓને સહયોગ આપવા બદલ ધન્યવાદ પાઠવેલ. એ.પી. યુવાસંઘના પ્રમુખશ્રીએ જણાવેલ કે અગામી સાધારણ સભામાં વસ્તીપત્રકની સાથે એ.પી. સરનામા પુસ્તિકાની ઉધામણી દ્વારા એડવરટાઇઝમેન્ટ સંયોજકો નક્કી કરવામાં આવશે. સહકાર આપી સફળ બનાવવા વિનંતી. પ્રમુખશ્રી કરશન લધા દિવાણી એ જણાવેલ કે કોઇપણ કેસ ન્યાય સમિતિ પાસે આતા પહેલા સ્થાનિક સમાજમાં રજૂ કરી તેના ફેંસલા બાદ જ અસંતોષ જણાતા એ.પી. સમાજમાં સુપ્રત કરવાના રહેશે.

એ.પી. યુવાસંઘના પ્રમુજશ્રી જયંતિલાલ સેઘાણીએ જણાવેલ કે આગામી માસમાં રામસેતુ ઝોનમાં અખિલ ભારતીય લેવલે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવાનો છે. જેમાં યુવકોને ઉત્સાહભેર ભાગ લેવા જણાવેલ. એ.પી. ઝોનમાં યુવતિ તાલિમ શિબિરનું આયોજન વિશાખાપટ્ટનમ અને હૈદરાબાદ મધ્યે ટૂંકમાં શરૂ કરવા જઇ રહ્યા છીએ.

વિરજી શીવજી દડગા ઉપપ્રમુખશ્રી એ જણાવેલ કે આગામી વર્ષમાં સિકન્દરાબાદ સમાજમાં સમૂહલગ્ન આયોજન થશે. જેમાં માત્ર હૈદરાબાદ-સિકંદરાબાદ સિવાયના એ.પી. સમાજના કોઇણ ઝોનમાંથી ભાગ લઇ શકશે. સમૂહલગ્ન અંદર ફકત સનાતની લોકોને જ પ્રવેશ આપવામાં આવશે.

સતપંથ અને સનાતન બાબતમાં વિરોધી ચર્ચા કર્યા બાદ કારોબારી સભાએ ઠરાવ પસાર કરેલ કે પૂર્ણ પરિવાર સતપંથ છોડી સનાતનમાં ભળવા માગતા હોય તેમને જ સ્વીકારવામાં આવશે. ઘરમાં વડીલ અથવા કોઇપણ એક વ્યકિત સહમત ન હોય તો તેવા પરિવારને સ્વીકાર કરવામાં આવશે નહિ.

આન્ધ્ર પ્રદેશ સમાજે નવે નવ ઝોનની તકેદારી સમિતિનું ગઠન કરવા જણાવેલ. વહેલામાં વહેલી તકે તેમની નામાવણી એ.પી. સમાજમાં પ્રસ્તુત કરવા સ્થાનિક સમાજને ભલામણ કરેલ. આભારવિધિ મંત્રીશ્રી કાંતિભાઇ ગોરાણીએ પાર પાડેલ.


“ મારી વિદેશ યાત્રા ; એક યાદગાર સંભારણું”

થનગનતું.... થાઈલેન્ડ....

સોનલ ઈશ્વરલાલ શેઠિયા, નખત્રાણા

તા.૨૭-૧૧-૨૦૧૧

સવારના ફ્રેશ થઈ નાસ્તાની મોજ માણી બુધ્ધ ભગવાનના મંદિરો જોવા ગયા. અહી ભગવાન બુધ્ધના બે વિશાળ મંદિર આવેલા છે. એક સુવર્ણ બુધ્ધા ટેમ્પલ અને બીજુ સ્લીપીંગ બુધ્ધા ટેમ્પલ, સુવર્ણ ટેમ્પલમાં ભગવાનની મૂર્તિ, દાગીના અને મંદિરનું શિખર બધુ જ સોનાનું છે. અહીં ભગવાનને કમળના ફુલ ચડાવવામાં આવે છે. આ મંદિર વિશાળ જગ્યામાં આવેલું છે અને મંદિરમાં પ્રાંગણમાં 'નાના-મોટા' ઘણાં મંદિરો છે. શાંતિ, સ્વચ્છતા અને સુંદરતાનો ત્રિવેણી સંગમ ધરાવતું આ મંદિર જાણે સત્યમ્ શિવમ્ અને સુંદરમ્નો સંદેશો આપતું હોય તેવું આ મંદિરમાં ભગવાન બુધ્ધની વિરાટ મૂર્તિ સૂતેલી અવસ્થામાં છે. અહીં પણ સૂતેલી જંબો મૂર્તિ સુવર્ણની છે. આ મંદિર પણ વિશાળ જગ્યામાં આવેલ છે. અહીં પણ નાના-



મોટા ઘણા બધા કલાત્મક મંદિરો છે. વિરાટ કાય બુધ્ધાના દર્શન કરી ત્યાંથી સીધા આવ્યા પતીના એરિયા, અહીં MKB અને ઈન્દિરા માર્કેટસમાંથી ખરીદી કરી સાંજે નિવાસ્થાન હોટલ રોયલ પાર્ક વ્યુમાં પાછા ફર્યા. વાળુ પાણી પતાવી આજે ટુરની છેલ્લી નાઈટ હોવાથી આજ હોટલના નવમા ફલોરે સ્વીમીંગ પુલ છે ત્યાં અમે રેયાણ જમાવીને બેઠા. સીંગાપોર, મલેશિયા અને થાઈલેન્ડની વાતોને વાગોળી સૌ પોતપોતાની રૂમમાં જઈ સૂઈ ગયા. થાઈલેન્ડમાં બધે જ સ્ત્રીઓનું રાજ હોય તેવું લાગે, અહીંયા બોડી મસાજનો ખૂબ જ વ્યાપ જોવા મળે. ગુજરાતની બજારમાં જેમ દરેક શોપીંગ કોમ્પલેક્ષમાં એક પાનની દુકાન હોય તેમ અહીં દર દસ દુકાને એક મસાજની દુકાન હોય, સ્ત્રી અને પુરુષ બંન્ને સમાજ કરે અને કરાવે. આમાં કોઈ છોછ નથી તેવું લાગ્યું. અહીં પુરુષ કરતાં વધુ કપડાં પહેરેલી સ્ત્રી સોધવી મુશ્કેલ

પડે. અને જ્યાં આવું હોય ત્યાં દારૂની રેલમછેલ હોય તે સ્વાભાવિક જ છે.

તા.૨૮-૧૧-૧૧

આજે ઈન્ડિયા પરત ફરવા માટેની ફ્લાઈટ ૮-૩૦ કલાકે હોવાથી અમે સૌ વહેલી સવારે ૪-૦૦ કલાકે ઉઠી નાઈ ધોઈ તૈયાર થઈ ગયા. આજ વહેલી સવાર હોવાથી નાસ્તામાં ચા-કોફી સાથે બ્રેડ-બટર જ મળ્યા. નાસ્તો પતાવી સવારના ૬-૦૦ કલાકે અમે આ હોટલ છોડી એરપોર્ટ જવા રવાના થયા. ૮-૩૦ કલાકે બેંગકોંગને રામ રામ કરી મુંબઈ જવા પ્લેન જેટ એરવેઝમાં ગોઠવાયા. બપોરે ૧૧-૪૫ કલાકે મુંબઈ એરપોર્ટ પરત આવ્યા.

મુંબઈ થી અમદાવાદ આવવા માટે ફ્લાઈટ છેક સાંજે ૫-૦૦ વાગે હોવાથી અહીં એરપોર્ટની પાસે એક સાઉથ ઈન્ડિયન રેસ્ટોરન્ટમાં ઢોંસાનો નાસ્તો કર્યો. બાકીનો સમય એરપોર્ટ પર જ ધિંગામસ્તી કરી, વિદેશની યાદો વાગોળતા કેમેરામાં ફોટા જોતાં અમે સૌ ટ્રાવેલ હબ ના ૧૮ પ્રવાસીઓ ૧૧-૧૧ દિવસ સુધી સાથે રહેલ છે. છુટા પડવાનો અધરો સમય નજીક આવ્યો.

અમારુ પ્લેન ૬-૪૫ કલાકે અમદાવાદ એરપોર્ટ પર લેન્ડીંગ થયું અને તુરન્ત જ ખુશ્બુ ગુજરાત કી નો અહેસાસ થયો. એરપોર્ટ ઉપર બધાના સ્નેહી/સગા રીસીવ કરવા આવતા જ હતા. ત્યાં બધાનો મેળાવળો જામ્યો. બધા દિવસે એક બીજાને ભેટી પોતપોતાની મંઝીલ/ઘર તરફ પ્રયાણ કર્યું. અમે કચ્છ આવવા સયાજી ટ્રેન પકડી તા.૨૯-૧૧-૨૦૧૦ના સવારના ૯-૦૦ કલાકે ભૂજ રેલ્વે સ્ટેશને આવી પહોંચ્યા. ત્યાંથી પાછા ગાડી કરી નખત્રાણ આવવા રવાના થયા. ૧૦-૦૦ કલાકે નખત્રાણા ''નિરાલા''માં સુખદ સુકુશળ પરત આવ્યા. અમારી આ વિદેશ યાત્રા ખરેખર ખૂબ-જ-ખૂબ-જ-ખૂબ-જ સુખદ રહી. કારણ કે આ યાત્રાની પૂર્વ તૈયારી કરાવનાર પ્રો. ભરતભાઈ હતા. હોય કાંઈ ખામી !!!!

આ યાત્રા મારા જીવનમાં એક યાદગાર સંભારણું બની રહેશે. (સંપૂર્ણ)

વિદર્ભ ઝોનની નવી કારોબારી રચાઈ

વિદર્ભ ઝોનની નવી કારોબારી એ તા. ૨૪-૭-૧૧થી કાર્યભાર સંભાળી લીધેલ છે. જેની યાદી નીચે મુજબ છે. **ઝોન કારોબારી** : **પ્રમુખ** : શ્રી વાલજીભાઈ અબજી દિવાણી (વિરાણીમોટી, નાગપુર), **ઉપપ્રમુખ** : (૧) શ્રી ધીરજલાલ દેવજી ભાવાણી (મથલ-અમરાવતી), (૨) શ્રી મોહનલાલ અરજણ સાંખલા (નખત્રાણા-ગોંદિયા), **મહામંત્રી** : શ્રી રતનશી સોમજી ભાવાણી (મથલ-નાગપુર), **મંત્રી** : (૧) શ્રી વાલજીભાઈ નથુભાઈ દિવાણી (કાદિયાનાના-અકોલા), (૨) શ્રી નાનજીભાઈ કરશન ભાદાણ (નેત્રા-વરૂડ), (૩) શ્રી હરિભાઈ અરજણ ધોળુ (નાગલપર-બલ્લારશાહ), **ખજાનચી** : શ્રી રતનશી અખૈઈભાઈ માનાણી (વિથોણ-નાગપુર), **સહખજાનચી** : શ્રી શિવજી કરશન સેંઘાણી (વાલકા-સાવનેર)

ન્યાય સમિતિ : (૧) શ્રી તુલશીદાસ ડાહ્યાભાઈ રામાણી (નખત્રાણા-નાગપુર), (૨) શ્રી ખેતાભાઈ કાનજીભાઈ પોકાર (કાદિયાનાના-ઉમરેડ), (૩) શ્રી રમેશભાઈ સોમજી લીંબાણી (ઘડાણી-નાગપુર)

બાલ પાટીદાર

ગરીબ ખેડૂત માટે બંદીખાનામાં જનાર છોકરો

હું હમણાં જ કેદખાનામાંથી નાસી આવ્યો છું. તું મને પાછો પોલીસને સ્વાધીન કરે એટલે તને તેના ઈનામ બદલ પચાસ રૂપિયા મળશે...

કેટલાંક વર્ષની વાત ઉપર એક એક જુવાન છોકરાએ કંઈક ગુનો કર્યાથી સરકારે તેને કેદમાં પૂર્યો હતો. એક વેળા લાગ જોઈને કેદખાનામાંથી તે નાસી ગયો. ચાલતાં ચાલતાં ઘણી ભૂખ લાગવાથી નજીકના ગામમાં ગયો અને એક ઝૂંપડામાં જઈ તેણે કંઈક ખાવાનું માગ્યુ. તે ઝૂંપડામાં એક ખેડૂતનું ઘણું જ ગરીબ કુટુંબ રહેતું હતું. તે ખેડૂતે કહ્યું કે, 'અમારી પાસે કંઈ પણ ખાવાનું નથી. આ સાલ તો મારી જમીનનું ગણોત પણ મેં આપ્યું નથી, એટલે આજકાલમાં જ હવે હું ઘરબાર વિનાનો થઈ જઈશ.' ખેડૂતથી આવી હકીકત સાંભળીને પેલા જુવાન છોકરાને દયા આવવાથી તેણે કહ્યું : 'હું હમણાં જ કેદખાનામાંથી નાસી આવ્યો છું. તું મને પાછો પોલીસને સ્વાધીન કરે એટલે તને તેના ઈનામ બદલ પચાસ રૂપિયા મળશે. તારે જમીનનું કેટલું ગણોત આપવાનું છે?' ખેડૂતે કહ્યું કે 'ચાલીસ રૂપિયા આપવાના છે.'

કેદખાનામાંથી નાસી આવેલ છોકરાના કહેવા પ્રમાણે કરવાથી ખેડૂતે ઘણીય ના કહી; પણ જુવાન છોકરાએ ઘણી હઠ કરવાથી ખેડૂત તેના હાથ દોરડાથી બાંધીને તેને શહેરની પોલીસ પાસે લઈ ગયો. આથી ખેડૂતને પચાસ રૂપિયા તેને પકડાવા બદલ મળ્યા.

પછી તે છોકરાનો નવો ગુનો સાબિત કરવા સારુ પેલા ગરીબ ખેડૂતને ત્યાંના અમલદારે પૂરાવો આપવા માટે બોલાવ્યો અને બંદીવાનને કેવી રીતે પકડ્યો તે પૂછ્યું. ખેડૂતે જે બન્યું હતું તે સાચે સાચું કહ્યું. તે સાંભળીને સર્વને ઘણું આશ્ચર્ય થયું અને તે ખેડૂતને બીજા પણ પચાસ રૂપિયા લોકોએ આપ્યા. પછી તે અમલદારે આ બધી હકીકત ન્યાયાધીશને લખી મોકલી. ન્યાયાધીશ પેલા બંદીવાનનું દયાનું કામ જાણીને ઘણો જ ખુશ થયો. તે છોકરાએ શો અપરાધ કર્યો હતો તેની તેણે તપાસ કરી, તો જોયું કે તેને એક ઘણો જ નાનો ગુનો કર્યો હતો અને તેને માટે તેને કેદખાનામાં પૂરવામાં આવ્યો હતો. પછી તે ભલા ન્યાયાધીશે આ પરોપકારી છોકરાને કેદખાનામાંથી છોડી મૂકવાનો હુકમ કર્યો. આ ઉપરથી શીખવું જોઈએ કે દયાનાં કામો કરવામાં પોતાના દુઃખને ગણકારવું નહિ. પેલો કેદી ધારત તો નાસી જઈ શકત; પણ પેલા ગરીબનું દુઃખ જોઈને તે પાછો કેદખાનામાં ગયો, એ જ તેની ખરી દયા છે.

રોગીઓની સેવા કરનાર મેડલીન સાઉન

એક વકીલે મરતાં પહેલા પોતાની માલમિલકતનું વસિયતનામું કરીને કેટલાંક ફંડ નક્કી કર્યા હતા. એમાં એક ફંડની મતલબ એવી હતી કે દર વર્ષે દસ હજાર રૂપિયા જે ગરીબ માણસ એ વર્ષમાં સારાં ઉપયોગી કામ કરે તેને ઈનામમાં આપવાં. તેમાનું એક ઈનામ એક ગરીબ છોકરીને જે

કામ કરવાં માટે મળ્યું હતું, તેનું વર્ણન નીચે પ્રમાણે છે :

આ છોકરી નાની હતી ત્યારે તે જાનવરોની રખેવાળી કરતી અને દરરોજ પોતાનું ખાવાનું સાથે લઈ જતી. તેમાંથી કેટલુંક ગરીબ માણસોને ખવડાવતી. તે કોઈપણ ગરીબ કે દુઃખી માણસને જોતી તો તેને બનતી મદદ કરવા ચૂકતી નહિ. આ છોકરીની ઝૂંપડીથી એક ગઉ ઉપર એક આંધળી વિધવા એક નાની છોકરી સાથે રહેતી નથી. તેને તે છોકરી દરરોજ ખાવાનું આપી આવતી તથા તેનું ઘર સાફસૂફ કરી આવતી. આ પ્રમાણે પંદર વર્ષ સુધી તે દરરોજ એક ગાઉ જતી અને આવતી. વળી બીજે એક ઠેકાણે તેટલે જ છેટે એક ગરીબ છોકરી રહેતી હતી. તેને રક્તપિત્તનો રોગ થવાથી તેનાં કુટુંબમાં બધાં માણસોએ તેને કાઢી મૂકી હતી; અને કોઈપણ સગુવહાલું તેની ખબર રાખતું ન હતું. આ ખબર મેડલીનને પડવાથી દરરોજ તેને ત્યાં જઈને પણ તે ખાવાનું આપતી અને તેને મલમપટો કરતી. એ છોકરી આઠ મહિના પછી મરી ગઈ, તે વેળા પણ માત્ર આ પરોપકારી છોકરી જ તેની પાસે હતી. કોઈ લાવારસ માણસ મરી જાય અને તેનું મડદું ઠેકાણે પાડનાર ન હોય તો તે કામ પણ આ બાઈ કોઈ પણ રીતે પાર પાડતી. આમ કરવામાં કેટલીક વાર તો તેને બહુ જ મહેનત અને દુઃખ વેઠવું પડતું.

આવી રીતે તેણે ઘણા પ્રકારનાં કષ્ટો સહન કરીને બીજાનું ભલું કર્યું હતું. આ ખબર રાજદરબારમાં પડવાથી રાણીએ તેને મળવા સારું બોલાવી, તેને ઘણુંક માન તથા ઈનામ આપ્યું. પછી આ બાઈનાં કામોની ખબર પેલા વકીલના ફંડના ઉપરીને પડવાથી તેણે તે વર્ષનું સદવર્તન બદલનું ઈનામ તે છોકરીને જ આપ્યું. ગરીબાઈ હોવા છતાં પણ ઘણો ય પરોપકાર કરી શકાય છે; તેનું આ કેવું ઉત્તમ ઉદાહરણ છે.

:: નમ્ર વિનંતી ::

મોટા વડિલ વાચકોને અમારી નમ્ર વિનંતી છે કે તમારા બાળકોને આ કોલમ અવશ્ય વંચાવો... **તંત્રી : બ્રિજેશ પટેલ**

ભરૂચ શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, ભરૂચની કારોબારી તથા હોદ્દેદારોની થયેલ વરણી

ભરૂચશ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, ભરૂચની વાર્ષિક સાધારણ સભા તા. ૨૩-૭-૨૦૧૧ને શનિવારે રાત્રે ૯-૦૦ કલાકે શ્રી ઉમા વિકાસ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્લોટ ખાતે મળેલ. જેમાં શ્ર કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, ભરૂચના કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી. **પ્રમુખશ્રી** : બાબુભાઈ વી. નાકરાણી, **ઉપપ્રમુખશ્રી** : વસંતભાઈ સી. મૈયાત, **મહામંત્રીશ્રી** : નરેશભાઈ પી. વાડીયા, **સહમંત્રીશ્રી** : પ્રવીણભાઈ વી. વાડીયા, **ખજાનચીશ્રી** : ઈશ્વરભાઈ કે. પોકાર, **સલાહકાર સભ્યશ્રીઓ** : ૧. પરસોત્તમભાઈ જ. રોગાંણી, ૨. રમેશભાઈ વી. વાડીયા, **કારોબારી સભ્યશ્રીઓ** : ૧. ભૂપેશભાઈ આર. લીંબાણી, ૨. વિનોદભાઈ જી. મૈયાત, ૩. ખુશાલભાઈ જે.સેઘાંણી, ૪. નવીનભાઈ ડી. લીંબાણી, ૫. જેન્તીભાઈ એન. પારસીયા, ૬. હિંમતભાઈ જે. વાસાણી, ૭. શૈલેષભાઈ એસ. પોકાર, ૮. હેન્સીભાઈ ડી. નાકરાણી, ૯. રોહીતભાઈ જે. મૈયાત, ૧૦. અનીલભાઈ પી. પોકાર, ૧૧. વિરેન્દ્રકુમાર આર. લીંબાણી, ૧૨. વિવેકકુમાર ડી. પારસીયા.

- અહેવાલ : રસીકભાઈ

પુનર્જન્મની સત્યતા

જીગર અને અમીની આશ્ચર્યકારક અમર કહાની

સંકલન : બ્રિજેશ પટેલ

પુનર્જન્મનો બીજો એક પ્રસંગ પણ નીચે પ્રમાણે જાણવામાં આવેલ છે.

દિલ્હીમાં એક ગૃહસ્થનું કુટુંબ હતું. તેમાં પતિપત્ની, એક પુત્ર અને એક પુત્રી હતાં, થોડા વખત પછી પત્ની ગુજરી જતાં તે માણસે બીજી સ્ત્રી કરી હતી. તેને પણ પ્રજા થઈ હતી. પહેલી સ્ત્રીના પુત્રને પરણાવ્યો હતો, તેને તેની સ્ત્રી વચ્ચે સારો પ્રેર હતો. આ હકીકત ગુજરાતી ભાષામાં 'જિગર અને અમી' એ નામના પુસ્તકમાં પ્રસિદ્ધ થયેલ છે. જિગરને ઓરમાન મા હોવાથી તેના બાપે તેના લાભ માટે કાંઈ ટ્રસ્ટ કરવાનો વિચાર કર્યો, તેની ઓરમાન માને આ ખબર પડવાથી દ્વેષ આવ્યો અને જિગરને કોઈ પણ રીતે મારી નંખાય તો પોતાના દીકરાને વધારે લાભ મળે એવા હેતુથી તેણે એક પ્રપંચ રચ્યો. રોજ સવારે અમી જિગરને ઘરની મેડી ઉપર દૂધ પાવા જતી હતી. એક દિવસે તે દૂધમાં તે ઓરમાન મા એ સોમલ (ઝેર) નાંખી દીધું અને અમીને કહ્યું કે ''આ દૂધ તારા પતિને પાઈ આવ.'' જિગરની બહેને તે જોયું. અમી દૂધ પાવા મેડી ઉપર જતી હતી એટલામાં જિગરની બહેન પાછળથી દોડી જઈ તેને અરધે રસ્તે પકડી ઉભી રાખી કહ્યું કે ''આ આ દૂધમાં મને વહેમ આવે છે. માટે તું આ દૂધ આજે ભાઈને પાઈશ નહિ પણ તે ઢોળી નાંખ. હું બીજું સારું દૂધ લાવું છું.'' એમ કહે બહેન સારું દૂધ લેવા ગઈ. અમીએ વિચાર કર્યો કે આવી રીતે આ ઘરમાં રહી કેમ શકાય? આ સાસુ મારે હાથે જ મને વિધવા કરવા માંગે છે. માટે હવે બરાબર ખાત્રી કરવી જોઈએ. તેથી તે જ દૂધનો પ્યાલો જિગર પાસે લઈ ગઈ અને જિગરને કાંઈ વાત કહ્યા વગર કહ્યું કે આજે આ દૂધ મારે તમારે હાથે પીવું છે, બન્ને વચ્ચે સારો પ્રેમ હતો. તેથી જિગરે તે પ્યાલો હાથમાં લઈ પાછો તે જ સ્થિતિમાં તેને પીવા માટે આપ્યો. અમી તે પી ગઈ. પાછળથી જે સારું દૂર બહેન લઈ આવી તે દૂધ જિગરને પાયું. પછી જિગર પોતાના વેપાર માટે દુકાને ગયા. પાછળથી અમીને ઝેર ચડ્યું, તેના પેટમાં આઠ મહિનાનો ગર્ભ હતો. તે તથા અમી ઝેરની અસરથી મરી ગયાં. અમીએ મરતાં પહેલાં જિગરને કાગળ લખેલો કે મને મરવામાં બિલકુલ બીક નથી. પણ મારે તમારી જિંદગીનો બચાવ કરવો હતો. હવે તમે આ ઘરમાં રહેશો નહિ, શરીરની સંભાળ રાખજો વગેરે. આ બનાવથી જિગરને ઘણું વસમું લાગ્યું. અમીની સાથે પોતે મરી જવા બે વખત આપઘાત કરવાનો પ્રત્યો કર્યો પણ તે તેમાં ફાવ્યો નહિ. છેવટે કેટલીએક પ્રતિજ્ઞા લઈ ઘરથી બહાર ગુપ્ત રીતે રહેવા માટે નિકળી પડ્યો. તેમાં પૈસાનો સંગ્રહ ન કરવો, જિંદગી સુધી બ્રહ્મચર્ય પાળવું વગેરેની પ્રતિજ્ઞા હતી.

અમીનો બીજો જન્મ દક્ષિણમાં સાંગ્લી પાસેના એક તાલુકાના જાગીરદારને ત્યાં થયો. તે કુટુંબને મુંબઈ રહેવા આવવાનું થતું. મુંબઈના ગીરગામ ઉપર ચંદારામજી સ્કૂલમાં તે ભાણતી હતી, અને તેણે અંગ્રેજીમાં પાંચમા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો.

આ બાજુ જિગર ઘર છોડી

પંજાબમાં ગયા. કેટલીક જગ્યાએ નોકરી કરી પોતાનું ભરણ પોષણ કરવા લાગ્યા. એક વખતે જમ્મુમાં તેને એક મહાત્માનો પરિચય થયો. તેણે જિગરને તેના ભવિષ્યની થોડી વાતો કરી અને કહ્યું કે "જેની પાછળ તેં ઘર છોડયું છે તેને ભૂલીશ નહિ, તે તને મળશે." તેમની વાતોથી જિગરમાં આસ્તિકતા વધી.

તે પછી જિગર ગુમ રહેવાની ખાતર જૈનધર્મના સાધુ થઇ ગયા. તેમાં તેમને ૧૪ વર્ષ ગાળ્યાં અને ઉપદેશ આપતાં આપતાં તેમના ગુરુની સાથે અને બીજા સાધુઓની મંડળી સુધી સુરતમાં આવ્યા.

આ વખતે અમી મુંબઇમાં બીજા જન્મમાં ભણતી હતી. તેનું નવા જન્મનું નામ પુષ્પકાન્તા હતું. તે તે વખતે કોઇ સગાને મળવા સુરત આવેલી હતી.

સાધુઓનો વરઘોડો સુરતમાં ગોપીપુરામાં થઇ મોટા ચૌટા તરફ જવા લાગ્યો. તે વખતે બૈરાઓની મેદનીની વચ્ચે એક ઓટલા ઉપર ૧૪ વર્ષની તે પુષ્પકાન્તા ઊભી હતી. તેણે જિગરને જોયા અને તે બેભાન થઇ પડી ગઇ. તેને તેનો પાછલો જન્મ યાદ આવ્યો. મૂર્છા ઊતરી ગયા પછી તેણે એક પત્ર લખ્યો. પછી જૈનના ઉપાશ્રયમાં જઇને તે, કાગળ તેણે જિગરના પગ આગળ નાંખ્યો અને ત્યાંથી ચાલી ગઇ. તે કાગળમાં એમ લખેલું હતું કે "તમારી આ દશા શા માટે? તમે જૈન સાધુ શા માટે બની ગયા છો? શું તમે મને ભૂલી ગયા? પણ મેં તમને ઓળખી લીધા છે. તમારી ઓરમાન મા કયાં છે? તમારા ભાઇ પ્રાણનાથ ક્યાં છે? મારી નણંદ લીલા ક્યાં છે? તમે મને ઓળખી? જેને તમે "અમી" કહીને બોલવતા હતા તે હું છું. યાદ આવે છે? હું ઝેર મેળવેલું દૂધ તમારે હાથ પીને મૃત્યુ પામી હતી. તમારા ખોળામાં બેસીને મેં દૂધ પીધું હતું. તે ભીમ અગીયારસનો દિવસ હતો. મૃત્યુ પહેલાં મેં તમને એક પત્ર લખ્યો હતો. તમે મને કોઇ પણ રીતે એકવાર મળો. મારે હૃદયનો ખુલાસો કરવો છે.

આ પત્ર વાંચી જિગર કે જે હવે સાધુ થઇ ગયા હતા તેના અંતઃકરણમાં થોડીવાર બહુ અંધકારમય દશા ઉત્પન્ન થઇ.

તે પછી તે બન્ને સુરતમાં બે ત્રણવાર નદી કિનારે મળ્યાં. વાતચીત ઉપરથી ખાત્રી થઇ કે તે તેની નાની ઉંમરની સ્ત્રી અમી જ હતી.

તે પુષ્પકાન્તાનું સગપણ મુંબઇમાં કોઇ દક્ષિણી કુટુંબમાં થયું હતું. વિવાહ નજીકમાં થવાના હતાં પણ હવે પુષ્પકાન્તા તેને શી રીતે પરણી શકે? તેણે મુંબઇ જઇ માબાપને કહ્યું કે મારે પરણવું નથી. છેવટે તેમના માબાપે તેને પરણાવવાને બહુ હઠ લીધી. તેથી પુષ્પકાન્તા અફીણ ખાઇ બીજી વાર મરી. મરતાં પહેલાં એ એક કાગળ જિગરને લખતી ગઇ. તેમાં તેણે લખ્યું હતું કે "આપને મેળવવાનો એક પણ ઉપાય મને સૂજ્યો નહિ એટલે મેં મારો રસ્તો લીધો છે. આપને ફરી મેળવીશ એવી ખાતરી છે. દુનિયા મૃત્યુથી બીએ છે માટે જ તે દુઃખી છે. હું મૃત્યુથી નથી બ્હીતી તેથી સુખી છું. આપને પ્રાપ્ત કરવાના પરમસુખના અનુભવ માટે માત્ર કાયા બદલવાના હેતુથી હું વિદાય થાઉં છું. હું મરી જવાની છું કે મરી ગઇ છું એમ આપ સ્વપ્નમાં પણ માનશો નહિ. મને જરા પણ દુઃખ નથી. હું સુખેથી જાઉં છું. એ મીઠી મધુર મૃત્યુની મઝા હું જાણું છું. મારો અંતરાત્મા જાણે છે. તમે પ્રેમને જો સમજ્યા છો તો મારા મૃત્યુથી અધિક સમજજો. તમે ધીરજ રાખજો."

આ પત્ર વાંચીને તે સાધુને બહુ દુઃખ લાગી આવ્યું.

આવો પ્રેમ સંસારમાં ભાગ્યે જ મળી શકે છે. તેમાં વળી બીજા જન્મમા એ જ પતિ મળી આવે અને તેને માટે સ્ત્રી પોતાનો પ્રાણ

અર્પણ કરે એ પણ આશ્ચર્યકારક હકીકત છે. આ હકીકત બનેલી છે. જિગર હજુ જીવે છે. તેની ઉંમર લગભગ ૬૮ વર્ષની છે. અમારી તેમની સાથે સારો પરિચય થયેલ છે. તેમને ૧૭ વર્ષ જૈનધર્મના સાધુ તરીકે રહી એ પદ છોડી દીધું. તેમને એમ લાગ્યું કે તેમના જીવનથી તેમની સ્ત્રીને દુઃખ ભોગવવું પડયું છે તેથી હવે સ્ત્રીઓની સેવા બને તેટલી કરવી. તેમણે ઘણા સ્ત્રીપુરુષોને અનીતિને માર્ગે જતાં અટકાવીને નીતિને માર્ગે વાળેલ છે. તેમના જીવનની નોંધનાં લગભગ ૪૦ ભાગ હાથના લખેલા છે કે જે પ્રસિદ્ધ થયા નથી. પોતે અર્થ અને કામનો ત્યાગ કર્યો છે. તેમનામાં વ્યાખ્યાન કરવાની શક્તિ સારી આવી હતી. તેના શિષ્યો પણ હાથ આચાર્યની પદવી ભોગવે છે. પોતે વેદધર્મનો અભ્યાસ પણ કરેલ છે. સાધુ દશામાંથી નીકળ્યા પછી તેમણે બીજી વાર મરનાર અમીની સાથે વાત કરવા માટે પ્રેતાવાહન વિદ્યા મેળવી. અમદાવાદમાં ઘણા વર્ષ સુધી સમાજસેવા કરે અને હાલ ત્યાં જ ખાડીઆમાં આવેલી આર.સી. ગર્લ્સસ્કૂલમાં સાતમાં ધોરણમાં સાયન્સ, વિજ્ઞાન, હિંદી ભાષા અને ધાર્મિક બોધ શીખવે છે. પ્રેતાવાહન વિદ્યાના પરિણામે પતિતપાવન આશ્રમની સ્થાપના થઇ, ઉપરની તેમના જીવનની હકીકત તેમણે અમને તે પુસ્તકો પ્રસિદ્ધ થયા પહેલાં કરી હતી.

પોતે શાંતિ અને આનંદ અનુભવી શકે છે. તે એક પત્રમાં અમને જાણાવે છે કે જિગરને માટે અમી નથી અને અમીને માટે જિગર નથી. અમી અને જિર બે જુદાં નથી. બે જુદા થયાં નથી. બે અને જુદાં એ બન્ને શબ્દો જ અસ્તિત્વ ધરાવતા નથી.

ઉપરની હકીક ઉપરથી જાણી શકાશે કે જ્યાં સુધી જીવ પ્રકૃતિના ક્ષેત્રમાં તેની અસર નથીચે રહે છે ત્યાં સુધી કાળની અસર લાગે છે, અને તે અસર પણ પ્રકૃતિના પ્રકાર પ્રમાણે ફરતી રહે છે. જ્યારે અદ્વૈતભાવ ઉત્પન્ન થાય છે ત્યારે કાળ જેવું રહેતું નથી. જ્યાં ભેદ નથી ત્યાં કાળ નથી. અમે ઇચ્છીએ છીએ કે જીગરનો અદ્વૈતભાવ કાયમ રહે.

આ સત્ય ઘટના સ્વામી માધવતીર્થ એ તેમના સ્વરચિત ગ્રંથ ''કાળની ગતિ''માં લખી છે. 'કાળની ગતિ'માંથી અહીં અક્ષરશઃ અંકીત કરવામાં આવી છે. આ કોલમ આપને કેવી લાગે છે? અમને જરૂર જણાવશો. **અમારો સંપર્ક કરવા આ અંકનું પ્રથમ પેજ જુઓ.**

જીવનોપયોગી સુવાક્યો

* ખરાબ આદત ધીરે ધીરે મનુષ્યની મજબૂરી બની જતી હોય છે, ત્યારે તે ખરાબ આદત મનુષ્યના જીવનને મૂરઝાવી દે છે.
* પૃથ્વી પર લહેરાતાં સુંદર સુગંધિત ફૂલ અને નાનાં બાળકો ખુદાના જીવંત હસ્તાક્ષર જેવાં છે. તેમને જોઇને ખુદાની અનુભૂતિ કરો.
* કોઇ વ્યક્તિ ખીણમાં પડી જાય તો કદાચ બચી પણ જાય, પરંતુ બેદરકારી રાખનારાનું બચવું બહુ મુશ્કેલ છે.
* પુરુષના જીવનમાં અહંકાર અને સ્ત્રીના જીવનમાં અલંકાર તોફાન મચાવી દે છે. સમાજમાં પુરુષો અહંકાર અને સ્ત્રીઓ અલંકારથી બચે.
* જગતમાં બે વ્યક્તિ મહામૂર્ખ છે. એક ખોટી નિંદા કરનારા અને બીજી, તેને રસપૂર્વક સાંભળનાર.
* જીવનમાં દરેક ચીજ નાશવંત છે. જો સુખ મળ્યું હોય તો ઠીક છે જો દુઃખ પણ આવ્યું હોય તો તે સદા રહેવાનું નથી.

આરોગ્ય નીધિ

તણાવની મુક્તિ માટે તરબૂચ ખાઓ...

આજની ભાગદોડભરી જિંદગીમાં સૌ કોઈને તાણાવની સમસ્યા રહે છે. તેમાંથી મુકત થવાનો ઉપાય એટલે તરબૂચ ખાઓ. સંશોધકોએ આ બાબતે તારવ્યું છે કે તરબૂચ ખાવાથી તાણાવ તો દૂર થાય છે પાણ તેની સાથે સાથે થાક પાણ દૂર થાય છે. તેમાણે ૭૦ લોકો પર અભ્યાસ કર્યો હતો. સંશોધકોનું કહેવું છે કે, તરબૂચમાં રહેલું એન્ટી ઓકસીડન્ટ તાણાવ અને થાકને દૂર કરે છે. ફ્રાન્સના સંશોધક એપિક કી એનિમીલેથીએ પોતાની એક ટીમ સાથે કરેલ સંશોધનમાં જોયું કે ૭૦ દર્દીઓમાંથી ૩૫ દર્દીઓને સુપર ઓકસાઈડથી કેપ્સ્યુલ આપવમાં આવી હતી. જેના કારાણે તેમનો તાણાવ અને થાક દૂર થયો હતો. આ કેપ્સ્યુલમાં તરબૂચમાં રહેલા એન્ટી ઓકસીડન્ટ હતા, જેની સકારાત્મક અસર જોવા મળી હતી.

॥ અમે સૌ રંગ ભૂમિના પાત્રો ॥

શું શોધો છો હીરા બાપલા આ ઘરના ખુણે ખુણામાં,
શું ડાટ્યું છે જે મળતું નથી ચુલા આંજણ વાની ધુણામાં.
ગઈ ઉંમર ને હવે રહી જિંદગી ગણતરી અડધા ખુણામાં.
હાથ હરે હું રડું તો યે ના મળતું કોણે સંતાડ્યું રોદડા રૂણામાં.

એક હતો બાબલો પછી લબર મુછીઓ જે જીવી ગયો ખાસું જીવન,
મદમસ્ત સરસ મજાનું જીવન ચાખ્યુ મન પીધુ અમૃત પીવન,
આ રંગભૂમિમાં સૌ નાટકના પાત્રો ભજ્યા ભાવાઇ આજીવન,
હું હતો શિશુ દીકરો બે'લી બાપ ધણા કીધા પાત્ર અજીવન.

અને હવે ભજવું છું પાત્ર હું નકામો ઘરડો બુઢ્ઢો ભુખડો કકળતો,
તાલીયો ની ગગડાહટ વચ્ચે લાચારી પાત્રે રોજે-રોજ બબડતો,
યુવ્રા પાત્ર તાં બચકાં સહેતો પીવા-ખાવાનું રોજ કરગરતો,
ચશ્માંના પૈસા દવાનાં નાણાં માટે નાના મોટાથી ઝગડતો,

તો ચાલો-પધારો જોવા માટે ડોહલા-ડોહલીની સત નાટકડી,
સરસ મજાના સંવાદો સાંભળો બાળ સમયની વાતલડી,
કહે હર એક બધાને અમે ખુશ હતા કામે દોડ મુકતા વાટલડી,
હવે ખાવામાં થાળીના હાટે મળતી અડધી ફડધી વાટકડી.

હું હતો પાત્ર નાટકમાં યુવા હીરોના રોલે નાવડી ખેડી પતવાર,
પણ ડાયરેકટર તુ મન ફરતાં આપ્યુ ઘડપણનું સડીયલ પાત્તર
કોઇ કંઇ ના પૂછે સબ લાગે ચાલબાજ હર પાત્ર મનેમૂકે મઝધાર
સંવાદ જો બોલું આછો પાતળો તો કટ કટ જીભ ઉપર તલવાર.

આ હીરો બાપલો બોલો શું શોધે બેચારો હીરા જેવા પળ ખુણે ખુણામાં,
જે ડાટ્યું ચુલે આંજણની ખાખમાં ખાધું મોટો થયો ભાગ ગુણામાં,
મેં ખડક્યું રાખ્યું ચાખ્યું ભાખ્યું સાંખ્યું જનમ અને બાળપણમાં,
બસ પડે છે પડદો જીવન રંગ તરંગનો ફાટેલ પથારી સંકેલાશે પળમાં.

જયંતીલાલ એમ. છાભૈયા
ગામ : રણજીતપુરા કંપા (હાલ મોડાસા) મો. ૯૪૨૮૧૮૪૯૬૮

2011-08-15 Patidar Bandhu (1392)

સંતવાણી

શ્રી રમણ મહર્ષી સાથે જ્ઞાન ગોષ્ઠી



શ્રી રમણ કર્મનિયમને ઈશ્વરેચ્છાનું પ્રગટ સ્વરૂપ માનતા, અને કહેતા કે આત્માસાક્ષાત્કાર પહેલાં ઈશ્વર દરેક જીવની નિયતિનું નિયંત્રણ કરે છે. ઈશ્વરની આજ્ઞા છે કે પ્રત્યેક જીવે પોતાનાં કર્મોનાં ફળ અવશ્ય ભોગવવાનાં છે. એ જ પ્રત્યેક જીવના જીવન દરમ્યાન કરવામાં આવતાં કર્મોના ક્રમનો નિશ્ચય કરે છે. શરીરની ક્રિયાઓ સાથે જ્યાં સુધી તાદાત્મ્ય કરવામાં આવે છે, ત્યાં સુધી કોઈ પણ ઈશ્વરના અધિકારના ક્ષેત્રથી બચી શકે નહીં.

પ્ર. કહેવાય છે કે પ્રારબ્ધકર્મ શરીરના અંત સુધી રહે છે. શરીર જીવતું હોય ત્યારે પણ કોઈળ એના પ્રભાવથી બચી શકે ખરો?

ઉ. હા, કર્મનો આશ્રયભૂત કર્તા-અહંકાર-જે આત્મા અને શરીરને વચ્ચે ઉત્પન્ન થઈ ગયો છે, એ પોતાના જન્મસ્થાનમાં લુપ્ત થઈને પોતાનું અલગ અસ્તિત્વ મિટાવી દે, તો એના આધારે ટકી રહેનારાં કર્મ ક્યાં રહે? (૧)

પ્ર. કહેવામાં આવે છે કે પ્રારબ્ધકર્મ પૂર્વજન્મોમાં એકઠાં કરેલાં સંચિત કર્મોનો નાનો સરખો ભાગ છે. આ સાચી વાત છે?

ઉ. પોતાના પૂર્વજન્મોમાં માણસે ઘણાં કર્મ કર્યાં હોઈ શકે છે. એમાંથી કેટલાંકને આ જીવન માટે પસંદ કરવામાં આવે છે, જેમનું ફળ એણે વર્તમાન જન્મમાં ભોગવવું પડે છે. આ પ્રક્રિયા સ્લાઈડ શો જેવી છે, જેમાં પ્રક્ષેપણ કરનાર કેટલીક સ્લાઈડોને એક પ્રદર્શન માટે ચૂંટી કાઢે છે અને બાકીનીને બીજા પ્રદર્શન માટે સુરક્ષિત રાખે છે. આ બધાં સંચિતકર્મ આત્મજ્ઞાનથી નષ્ટ કરી શકાય છે. વિવિધ કર્મો સ્લાઈડો છે, કારણ કે એ ભૂતકાળના અનુભવોનાં પરિણામો છે. મન પ્રક્ષેપક છે, જેનો નાશ કરી દેવાથી આગળનાં પ્રતિબિંબ નહીં પડે, અર્થાત્ આગામી જન્મ-મરણ નહીં થાય. (૨)

પ્ર. પ્રક્ષેપણ કરનાર કોણ છે? કઈ વ્યવસ્થા મુજબ એ સંચિત કર્મોમાંથી નાનો સરખો ભાગ પસંદ કરે છે, અને નક્કી કરે છે કે એટલાં પ્રારબ્ધકર્મોનું ફળ ભોગવવું પડશે?

ઉ. વૈયક્તિક જીવોને પોતાનાં કર્મફળ ભોગવવાં પડે છે, અને ઈશ્વર આ હેતુને શ્રેષ્ઠ રીતે પાર પાડવાની વ્યવસ્થા કરે છે. એ એમા કંઈ ઉમેરતો કે બાદ કરતો નથી. મનુષ્યના ચિત્તનો અર્ધચેતન વિભાગ સારાંનઠારાં કર્મોનો ભંડાર કે સંગ્રહ સ્થાન છે. આ ભંડારમાંથી ઈશ્વર તત્કાળ પૂરતો પ્રત્યેક જીવનો આધ્યાત્મિક વિકાસ સિદ્ધ થઈ શકે એ વાત ધ્યાનમાં રાખીને શ્રેષ્ઠ રીતે કેટલાંક કર્મ પસંદ કરે છે, ભલે એ સુખદ હોય કે દુઃખદ. આમ અહીં મનસ્વીપણે વર્તવાનો કોઈ અવકાશ નથી. (૩)

પ્ર. 'ઉપદેશસાર'માંથી આપે કહ્યું છે કે કર્તાની

આજ્ઞાથી કર્મ પોતાનાં ફળ આપે છે. એનો એવો અર્થ છે કે ફક્ત ઈશ્વરની આજ્ઞાને કારણે આપણે કર્મફળ ભોગવવાં પડે છે?

ઉ. એ શ્લોકમાં કર્તાનો અર્થ ઈશ્વર છે. એ દરેક જીવને એના કર્મનુસાર ફળ આપે છે. એનો અર્થ એ કે ઈશ્વર બ્રહ્મ છે. સાચું બ્રહ્મતત્વ અવ્યક્ત અને નિઃસ્પન્દ છે. વ્યક્ત બ્રહ્મ જ ઈશ્વર કહેવાય છે. એ દરેકને એના કર્મ પ્રમાણે ફળ આપે છે. એનો અર્થ એ કે ઈશ્વર ફક્ત મધ્યસ્થ છે, જે શ્રમ અનુસાર પારિશ્રમિક આપે છે, બસ એટલું જ. ઈશ્વરની શક્તિ વિના કર્મ થઈ જ ન શકે, તેથી કર્મને જડ કહેવામાં આવ્યું છે. (૪)

પ્ર. વર્તમાન અનુભવો અતીત કર્મોનું ફળ છે. જો આપણે અગાઉ કરેલી ભૂલ જાણી શકીએ તો એને સુધારી શકીએ?

ઉ. જો એક ભૂલ સુધારવામાં આવે, તો પણ પૂર્વ જન્મોનાં અસંખ્ય સંચિત કર્મો બાકી રહે અને તમને અનેક જન્મો આપી શકે. માટે એ પદ્ધતિ બરાબર નથી. તમે છોડની અનિચ્છિત ડાળીઓને જેમ જેમ કાપતા જાઓ, તેમ તેમ એ વધુને વધુ શક્તિથી વધતો જશે. એમ તમે તમારાં કર્મોમાં જેમ જેમ સુધાર કરતા જાઓ, એમ એમ એ વધારે ને વધારે સંચિત થતાં જાય છે. માટે કર્મનું મૂળ શોધી કાઢીને એને કાપી નાખવું જોઈએ.(૫)

પ્ર. કર્મસિદ્ધાન્તનો એવો અર્થ છે કે જગત ક્રિયા-પ્રતિક્રિયાઓનું પરિણામ છે. જો એમ હોય તો એ ક્રિયા-પ્રતિક્રિયા કોની છે?

ઉ. સાક્ષાત્કાર થાય ત્યાં સુધી ધર્મ અર્થાત્ ક્રિયા-પ્રતિક્રિયા ચાલે છે. આત્મસાક્ષાત્કાર પછી કર્મ નહીં રહે અને જગત પણ નહીં રહે. (૬)

પ્ર. જો હું શરીર નથી, તો હું મારાં સારાં-ખોટાં કર્મો માટે જવાબદાર કેમ છું?

ઉ. જો તમે શરીર ન હો, અને તમને 'હું કર્તા નથી' એવો દૃઢ નિશ્ચય થઈ જાય, તો તમારાં સારાં-ખોટાં કર્મોની અસર તમારા પર નહીં પડે. શરીર જે કર્મો કરે છે, એને માટે તમે 'હું આ કરું છું, મેં પેલું કર્યું' એ શા માટે વિચારો છો અને કહો છો? જ્યાં સુધી તમે આમ તમારું પોતાનું શરીર સાથે તાદાત્મ્ય કરો છો, ત્યાં સુધી તમારા ઉપર તમારાં કર્મોની અસર પડશે, અર્થાત્ જ્યાં સુધી તમે તમને પોતાને શરીર સાથે એકરૂપ માનો છો, ત્યાં સુધી તમે સારાં-નઠારાં કર્મોનો સંચય કરો છો.

પ્ર. પણ હું શરીર નથી, તેથી ખરેખર હું સારાંખોટાં કર્મોના પરિણામ માટે જવાબદાર નથી.

ઉ. જો તમે ખરેખર જવાબદાર નથી તો પછી એની ચિંતા શા માટે કરો છો?(૭)

પ્ર. કેટલાક ધર્મગ્રંથોમાં કહેવામાં આવ્યું છે કે માણસનો પુરુષાર્થ બધાં સામર્થ્યોનું ઉત્પત્તિસ્થાન છે, અને એનાથી એ કર્મથી પર પણ થઈ શકે છે. બીજા ગ્રંથોમાં લખ્યું છે કે બધું ઈશકૃપાપર નિર્ભર છે. આમાં સત્ય શું છે એ સ્પષ્ટ થતું નથી.

ઉ. હા, તત્વચિંતનની કેટલીક પ્રણાલીઓ એમ કહે છે કે પૂર્વજન્મોનાં કર્મોથી સ્વતંત્ર કોઈ ઈશ્વર નથી. વર્તમાનમાં શાસ્ત્ર મુજબ કરેલાં કર્મ પુરુષાર્થ કહેવાય છે. પૂર્વનાં અને વર્તમાનનાં આ કર્મોમાં બે ઘેટાંની જેમ યુદ્ધ થાય છે, અને જે નિર્બળ હોય છે, એ નષ્ટ થઈ જાય છે. તેથી મનુષ્યે પ્રબળ પુરુષાર્થ કરવો જોઈએ, એમ એ લોકો કહે છે. જો તમે એમને પૂછશો કે કર્મનું મૂળ શું છે? તો તેઓ કહેશે કે આવો પ્રશ્ન ન પૂછવો જોઈએ, કારણ કે એ બીજ અને અંકુરની પ્રથમતાના પ્રશ્નની જેમ અસમાધેય, સનાતન પ્રશ્ન છે.

(બ્રહ્મલીન સંત શ્રી રમણ મહર્ષી ભારતના વર્તમાન સમયમાં થઈ ગયેલ અગ્રગણ્ય મહાપુરુષોમાં સ્થાન ધરાવતા બ્રહ્મજ્ઞાની સંત હતા.)

રહો...પ્રકૃતિની ગોદમાં, માત્ર તમારા માસિક પોકેટ મની જેટલા ખર્ચમાં

NAL VILLAGE™
ECO-RESIDENTIAL PLOTS

નળ સરોવર નજીક **રેસીડેન્સીયલ પ્લોટ**

...નલ સરોવર એટલે જ પ્રકૃતિનું બીજૂં નામ, આધુનિક યુગની દોડધામ ભરી જીંદગીમાંથી પારિવારીક આનંદ મેળવવા માટે સૌથી યોગ્ય સ્થાન, હવે ખૂબ જ સરળ રીતે...... માત્ર તમારા માસિક પોકેટમની જેટલા જ ખર્ચમાં...

આધુનિક યુગને અનુરૂપ જાજરમાન કલબ સુવિધાઓ તેમજ માસિક ઇનામી ડ્રો દ્વારા અનેકવિધ આકર્ષણો પણ ખરાં જ...

૨૦૦, ૪૦૦, ૬૦૦, ૮૦૦
તેમજ ૧૦૦૦ વારના રેસીડેન્સીયલ પ્લોટ
૨૦૦* વારના પ્લોટ માટે

₹ ૬૫૦૦/- ના ૭૧ હપ્તા.

નક્કી કરેલા હપ્તાની રકમ સિમિત સમય મર્યાદા પુરતી છે.

*super built-up area only.

© IMAGE | 098255 97379

Project co-ordinator / Adviser

C.A. **Harsukh** Ramani
H. Patel & Associates,
Ahmedabad

Visionary Directors

Navin Limbani
Amrit Chhabhaiya
Arvind Bhavani
Ishwar Dholu
Satyam Shankhla
Ghanshyam Ramani

OUR SUCCESSFULLY RUNNING PROJECT

Nal Upvan | Anjanee Residency | Anjanee Estate

Inquiry Contact : 099099 56731-2-3-4-5

Site Location:
***Village* : ANIYARI,**
Sanand-Nal Sarovar Road, Ahmedabad

A Project of:
Quality of Commitment

Reg. Office : 301-302, Galaxy, Arcade, **NARODA**, Ahmedabad.
Admin. Office :

- D/12, 3rd Floor, Galaxy Avenue, **NARODA**, Ahmedabad. Ph: 079-64501424
- 266, 2nd Floor, Shukan Mall, Science City Road, **SOLA**, Ahmedabad, Ph: 079-65459040

www.anjaneeinfra.com email: inquiry@anjaneeinfra.com

ANJANEE™ INFRASPACE LIMITED An ISO 9001:2008 Company


realpatidar.com
SUNDARAM
CORPORATION
Always starting new era...
Wood Working Machinery
Wood Working Machinery....
ભારતમાં સૌપ્રથમ વાર
રીમોટ કંટ્રોલ્ડ/ડીઝીટલ ડીસ્પ્લે ફુલ્લી ઓટોમેટીક
લાકડા ઉદ્યોગની મશીનરી
ફિંગર જોઈન્ટ વાઈસ
મેન્યુયલ/હાઈડ્રોલીક
ફુલ્લી ઓટોમેટીક
વન સ્વીચ ઓપરેટેડ
સરક્યુલર ટેબલ
ફિંગર શેપીંગ
(ફુલ્લી ઓટો હાઈડ્રોમેટીક)
ફિંગર શેપીંગ (મેન્યુયલ)
ફુલ્લી ઓટોમેટીક
(ફુલ્લી ઓટો હાઈડ્રોમેટીક)
રીમોટ કંટ્રોલ્ડ/ડીઝીટલ ડીસ્પ્લે
SUNDARAM CORPORATION
C/o. Patel Timber Mart Compound N.H.8, Galaxy Cinema Road, Naroda,
Ahmedabad-382 330. Contact : 09998075968, 09067674060, 09173041454
e-mail us : sundaramcorpo@gmail.com
realpatidar.com


૨૩ વર્ષનાં અનુભવથી
આંતરરાષ્ટ્રીય ક્ષમતા ધરાવતા -
નવાં રૂપ અને નવાં નામ સાથે
23 YEARS EXPERIENCED ORGANIZATION
KARNAVATI
પ્લાયવુડ મશીનરી
Glue Spreader
D.D.Saw
Belt Sander
Glue Mixer
Maltiple Rip Cutting Machine
Pedal Chopper
Circular Saw Table with Trolley
Cirular Saw Table
Finger Jointer Machine
Finger Forming Machine
Wood Drying Chamber
Floor Mounted Fan
Globalize Performing Machines by Vast Experience
કર્ણાવતી એન્જીનીયરીંગ
૬૪, ન્યુ શીવ વિજય સૉ મિલ કમ્પાઉન્ડ, યુનિપોલ પ્લાસ્ટીક સામે,
ઓઢવ બસ સ્ટોપ પાસે, ઓઢવ રોડ, અમદાવાદ - ૩૮૨ ૪૧૫.
ફોન : ૦૭૯ - ૨૨૯૦૧૪૮૮
વધુ માહિતી માટે :
વિઠ્ઠલભાઈ પટેલ ("આઝાદ" વાળા)
- ૯૮૨૪૦૯૫૮૦૫
પ્રકાશ પટેલ - ૯૪૨૭
જયેશ રામાણી - ૯૪૨૭૩૪૦૫૨૫

RNI No. GUJ GUJ / 2010 / 32748
Posting Licence No. PATAN / 111 / 2010-2013
Office of Posting- PATAN H.O.
Valid up to 31-12-2013
Posting Date : 17th of every month



PATIDAR BANDHU : PATAN - Printed, Published and Owned by Brijeshkumar Chandubhai Patel and Printed at Vinod Printery, C/o. Maha Gujarat Weekly, Nr. Three Gate, Patan and Published at Patidar Bandhu, C/o. Shri Ganapati Saw Mill, Verai Chakala, Patan - 384265, Gujarat.
Editor : Brijeshkumar Chandubhai Patel • RNI No. GujGuj /2010/32748